બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠિ પરિવારનું દર મહિને પ્રગટ થતું માસિક મુખપત્ર



# નવકારનો રણકાર



પ્રેરણા અને માર્ગદર્શન : નવકાર મંત્રના પરમ સાધક પૂ. શ્રી જયંતભાઈ 'રાહી'
આદ્ય તંત્રી : સ્વ. મુંજાલ બાબુભાઈ શાહ
તંત્રી : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'
માનાર્હ સંપાદકો : સોમચંદ વેલજી લોડાયા (આરિખાણા - મુલુન્ડ) ••• વાસંતી રમેશ સોની (વડાલા - ચિંચપોકલી)

વિ.સં. ૨૦૬૯ ••• વૈશાખ ••• વર્ષ-૯ ••• અંક-૧૨ ••• સળંગ અંક-૧૦૮ ••• નિઃશૂલ્ક વિતરણ



## નવકારના અજવાળે



પ્રાચીન ઇતિહાસ આપણને ચાર પ્રકારની ભેરીના અસ્તિત્વની યાદ આપે છે. ભિન્ન ભિન્ન અવસરે વગાડવામાં આવતા આ વાજિંત્રથી તે તે પ્રકારની અસરો નિપજતી હતી એમ કહેવાય છે.

ઉત્સવ મનાવવા માટે **'કૌમુદી'** નામની ભેરી વગાડવામાં આવતી હતી.

રણે ચડવા માટે **'સંગ્રામિકા'** નામની ભેરી બજાવવામાં આવતી હતી.

નૂતન કાર્યોની શરૂઆત કરવાના પ્રસંગે જે શરણાઇ બજાવવામાં આવતી હતી, તે ભેરી **'ઉપમૂદી'** નામથી ઓળખાતી હતી.

સાંભળનારાઓના સર્વ પ્રકારના રોગોનો નાશ થાય એવી એક ખાસ ભેરી **શ્રીકૃષ્ણે** અઠ્ઠમ તપ કરીને દેવતાઓ પાસેથી મેળવી હતી. એ ભેરીનું નામ હતું **'અશિવોપશમિની.'**

**બાવીસમાં તીર્થંકર પ્રભુ શ્રી નેમિનાથ ભગવંત**ના સમયમાં **શ્રીકૃષ્ણ** પાસે આ ચારે પ્રકારની ચાર ભેરીઓ હતી, એમ કહેવાય છે.

**પરંતુ એ ચારેનું જેમાં એકીકરણ થયેલું છે, એવી એક મહાભેરી, ચતુર્વિધ ભેરી, જિનશાસનમાં અનાદિ કાળથી અસ્તિત્વમાં છે.**

પ્રત્યેક નૂતન કાર્યના આરંભમાં એ મહા ભેરી વગાડીને જો પ્રારંભ કરવામાં આવે તો બધાં જ કાર્યોમાં અચૂક સફળતા પ્રાપ્ત થાય છે. એનું શ્રવણ કરનારના સર્વ રોગોનો નાશ થાય છે. કર્મરિપુ સામે રણે ચડેલા યોદ્ધાઓને ઉત્સાહ અને સામર્થ્ય આપવાની એ મહાભેરી સમી શક્તિ તો વિશ્વની બધી જ સંગ્રામિકાઓને ભેગી કરો તોયે નહિ પ્રગટે. માનવી અને પ્રભુનાં તમામ મંગલ-કલ્યાણોના ઉત્સવને ઉજવવાનો ઉત્સાહ આપનારી કૌમુકી પણ એ પોતે જ છે. એનાથી વધે કે ચડે એવી અન્ય કોઇ **'ભેરી'** આ વિશ્વમાં કોઇએ કદી જોઇ કે જાણી નથી.

**એ મહાભેરીનું નામ છે, શ્રી 'નમસ્કાર મહામંત્ર'.** □□□





**આ અંકના પ્રમુખ શુભ દાતા**

મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વર્તમાન અરિહંત પરમાત્મા શ્રી સીમંધરસ્વામીના મહિમાશીલ,
મહાપ્રભાવક જિનમંદિરના દર્શનાર્થે... પધારો... પધારો... પધારો...

**શ્રી ચૈત્ય સીમંધરસ્વામી જિનપ્રાસાદ**

ચૈત્ય ટાવર, શિવદાસ ચાંપશી રોડ, મઝગાંવ, મુંબઇ-૪૦૦ ૦૧૦. ફોનઃ ૨૩૭૧૨૨૨૧

• પુણ્યયોગે નિમિત્ત પ્રકારે સ્વદ્રવ્યથી જિનાલયના નિર્માણ કર્તા •

શ્રીમતી ઝવેરબેન દલપતરાજ પુખરાજજી જૈન સમસ્ત મલ્લેશા પરિવાર
(ખીવાન્દી-રાજસ્થાન-દાદર)

સૌજન્ય : ચૈત્ય ફાઉન્ડેશન-મઝગાંવ, મુંબઇ-૪૦૦ ૦૧૦.

સંપર્ક સૂત્ર : મહેન્દ્ર જૈન મો. ૯૮૨૦૫૮૫૪૫૧ ⟡ ચંદ્રેશ જૈન મો. ૯૮૧૯૫૬૬૪૪૧

# કોચીન શ્વે. મૂ. જૈન સંઘમાં શ્રી જયંતભાઈ 'રાહી'ના સર્વ પ્રથમવાર યોજાયેલ નવકાર મહાજાપની તસ્વીરી ઝલક





















(૧) શ્રી 'રાહી' સાહેબનું ઢોલ-શરણાઈથી ભવ્ય સ્વાગત કરતાં કોચીન જૈન સંઘના સભ્યો. (૨) શ્રી 'રાહી' સાહેબની સ્વાગત યાત્રામાં જોડાયેલ સંઘના સભ્યો. (૩) શનિવારે રાત્રે યોજાયેલ પ્રભુ ભક્તિની ભાવનામાં સુંદર કથાગીત પ્રસ્તુત કરતાં શ્રી 'રાહી' સાહેબ (૪) રવિવારે નવકાર જાપ કરાવી રહેલ શ્રી 'રાહી' સાહેબ અને તેમની મંડળી. (૫) અને (૬) નવકાર જાપમાં નવકાર યંત્રનું પૂજન કરી રહેલ દાતા પરિવારના સભ્યો.


'નવકારનો રણકાર' ના સંપર્ક કાર્યાલયો

**શ્રી ચીમનલાલ કલાધર**
301, શ્વેશ હાઉસ, ત્રીજે માળે, 75, સેકન્ડ લેન, હિન્દુ કોલોની,
દાદર (પૂર્વ), મુંબઈ-400014. મોબાઈલ : 9819646533

**શ્રી સોમચંદ વેલજી લોડાયા** (MA OM)
એ/104, સાંઇ કલાસીક, મહાત્મા ફુલે રોડ, મુલુન્ડ (પૂર્વ), મુંબઈ-81.
ફોન : (022) 2163 6399, મોબાઈલ : 9322275440
Email ID : somchand@maom.net



શુભેચ્છક
શ્રી ઋષભદેવ જૈન ટેમ્પલ એન્ડ સાધારણ ખાતા ટ્રસ્ટ
અને શ્રી ચેમ્બુર જૈન સંઘ - ચેમ્બુર તીર્થ

# તંત્રી સ્થાનેથી...





# સાધક જીવનને બાગ બાગ કરનારા 'ધર્મ - અનુપ્રેક્ષા' અને 'ધર્મ - ચિંતન' ગ્રંથ પ્રત્યેક સાધકોએ વસાવવા જેવા છે

થોડા દિવસ પહેલાં સૌરાષ્ટ્રના જામખંભાળીયાથી **પૂ.પં.શ્રી વજસેનવિજયજી મહારાજ સાહેબ** તરફથી **(૧) ધર્મ-ચિંતન** અને **(૨) ધર્મ-અનુપ્રેક્ષા** નામના બે ગ્રંથો ટપાલથી મળ્યા. અમને તો જાણે જૈન સાહિત્યનો એક અમૂલ્ય ખજાનો મળ્યો હોય તેવી અનેરી અનુભૂતિ આ બંન્ને ગ્રંથો વાંચતા થઇ. **પૂ.પં. શ્રી વજસેનવિજયજી મ.સા.**નો અમારા ઉપર અનેરો સદ્ભાવ છે. જૈન સાહિત્ય ક્ષેત્રે અમારા થકી થતાં યત્કિંચિત કાર્યની તેમને જાણકારી છે. અને એટલે જ તેમના દ્વારા અવારનવાર જૈન સાહિત્યની આવી અદ્ભુત પ્રસાદી અમને મોકલીને તેઓશ્રી અમારી સાહિત્યવૃત્તિને સવિશેષ વેગ આપી રહ્યા છે તે બદલ તેઓશ્રીના અમે સદા સદૈવ ઋણી છીએ અને રહીશું.

નવકાર મહામંત્રનો જેમણે સાક્ષાત્કાર કર્યો હતો તેવા અધ્યાત્મયોગી અને મહાસાધક **પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ**નું સઘળું સાહિત્ય **પૂ.પં.શ્રી વજસેનવિજયજી મ.સાહેબે** પુનઃ પ્રકાશિત કરાવી જૈન સમાજ પર મોટો ઉપકાર કર્યો છે. જૈન ઇતિહાસમાં તેમની આ વિરલ સેવા સુવર્ણાક્ષરે અંકિત થશે તેમાં અમને લેશ માત્ર શંકા નથી.

**ધર્મ-અનુપ્રેક્ષા** અને **ધર્મ-ચિંતન** ગ્રંથમાં ઘણા વર્ષો પહેલા પ્રગટ થતાં **'ધર્મચક્ર'** સામયિકમાં પ્રકાશિત થયેલા **નમસ્કાર-મૈત્રાદિભાવ-કાઉસ્સગ-ધ્યાન** વગેરે વિષયો પરના વિવિધ લેખકોના અભ્યાસી લેખો સાધકો માટે દીવાદાંડી સમા છે. ધર્મ અનુપ્રેક્ષા ગ્રંથમાં પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ.સા., પૂ. પં.શ્રી કાંતિવિજયજી મ.સા., પૂ.પં.શ્રી અભયસાગરજી મ.સા., પૂ.આ.શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ.સા., પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા., પૂ.આ. શ્રી મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા., પૂ. મુનિ શ્રી તત્ત્વાનંદવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી મહાપ્રભવિજયજી મ.સા., પૂ. મુનિશ્રી જયંતવિજયજી મ.સા. વગેરે વિદ્વાન શ્રમણ ભગવંતોના મનનીય લેખો સાધકોને બાગ બાગ કરનારા છે.

**ધર્મચિંતન** ગ્રંથમાં પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ.સા., પૂ.આ. શ્રી મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા., ઋષભદાસ જૈન, કિરણભાઇ, મફતલાલ સંઘવી, વસંતલાલ કાંતિલાલ, પ્રભુદાસ બેચરદાસ પારેખ, અમૃતલાલ કાલીદાસ દોશી, ફત્તેહચંદ ઝવેરભાઇ, અગરચંદજી નાહટા, શ્રીચંદ્ર, સોમચંદ ડી. શાહ, ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ, ચંદુલાલ શાહ, લાલચંદ હીરાચંદ, સૂરજચંદજી ડાંગી, બાબુભાઇ સંઘવી, મણિરત્નમ્, દલપતભાઇ શાહ જેવા અનેક વિદ્વાનોના ચિંતનાત્મક લેખોથી લોકોને જીવન સાર્થક કરવાની ચાવી મળી જાય તેમ છે.

આ વિશ્વમાં સાહિત્ય તો ઘણું બધુ પ્રગટ થાય છે પરંતુ જીવનને ઉર્ધ્વગામી બનાવે, જીવનને સાર્થક કરે અને જીવનને સાચી દિશા તરફ લઇ જાય તે જ સાહિત્યને સાહિત્ય કહી શકાય. **પૂ. પં.શ્રી વજસેનવિજયજી મ.સાહેબે** ઘણો પરિશ્રમ લઇને **'ધર્મચક્ર'** સામયિકમાં પ્રગટ થયેલા આપણા ધર્મની ગૌરવભરી અસ્મિતા સમા એ મનનીય લેખોને પુસ્તકાકારે આરૂઢ કરવાનું અતિ પરિશ્રમભર્યું કાર્ય કર્યું છે તેની જેટલી સરાહના થાય તેટલી ઓછી છે. તેઓશ્રી તરફથી જૈન સાહિત્યની આવી સવિશેષ સેવા વધુને વધુ થતી રહે એવી શુભ કામના.

છેલ્લે **કવિવર પંડિત વીરવિજયજી મહારાજ**ની ટંકશાળી કાવ્ય પંક્તિઓથી આ લખાણની સમાપ્તિ કરીએ છીએ.

**'બંધ સમય ચિત્ત ચેતીયે રે, ઉદયે શો સંતાપ સલુણા;**
**શોક વધે સંતાપથી રે, શોક નરકની છાય સલૂણા...'**

**– ચીમનલાલ કલાધર**

**ખાસ નોંધ :** ઉપરોક્ત બંન્ને ગ્રંથો **(૧) સરસ્વતી પુસ્તક ભંડાર-અમદાવાદ (ગુજરાત)** ફોન : (૦૭૯) ૨૫૩૫૬૬૯૨ અને **(૨) શ્રી પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર-પાલિતાણા (સૌરાષ્ટ્ર)** ફોન : (૦૨૮૪૮) ૨૫૩૩૨૩નો સંપર્ક સાધી મેળવી શકાશે.

શુભેચ્છક
શ્રી ધણીબાવાના ભાવિકો વતી પૂ. માતુશ્રી રતનબાઇ લાલજી લધા સોની પરિવાર
(કચ્છ વડાલા-ચિંચપોકલી) હ. રમેશભાઇ સોની - ફોન : ૨૩૭૫૩૩૧૧.
શ્રીમતી સવિતાબેન રમણીકલાલ મોરારજી સાવલા પરિવાર (કચ્છ તુંબડી-ઘાટકોપર) હ. મુકેશભાઇ - ફોન : ૨૩૭૨૩૮૩૫.



# માનસ જાપ

**'વનવાસી'**

મંત્રાધિરાજ શ્રી નવકારના માનસ-જાપમાં સ્થિર બનવા સંબંધી અગત્યની હકીકત આ લેખમાં રજૂ થઇ છે. સાધકના અનુભવકથન સરખો આ લેખ-ચિત્તને પ્રભુભક્તિમાં એકાગ્ર બનાવવામાં ખૂબ જ સહાયભૂત થશે. **-તંત્રી**

કંઇક અંગત અનુભવ અને કંઇક થોડાક સાધક મિત્રો સાથેના વિચારવિનિમય પછી એવું સમજવામાં આવે છે કે **'માનસ જાપ'** વિશેની થોડીક વધારે સ્પષ્ટતા સાધકમિત્રોને ઉપયોગી થઇ પડશે. **ભાષ્ય જાપ** પછી **ઉપાંશુ જાપ**નું શું સ્વરૂપ છે, તે તો સર્વને સહજ વિદિત છે. **ઉપાંશુ જાપ**માં અન્યની કર્ણેન્દ્રિય સુધી અવાજ ન પહોંચે તે રીતે મુંગા મુંગા જાપ કરવાના હોય છે. આ દરમિયાન ઓષ્ટ તથા જિહ્વા ઇત્યાદિનું અભ્યંતર હલનચલન ચાલુ હોય છે. **માનસ જાપ**માં ઓષ્ટ તથા જિહ્વાનું હલનચલન બંધ કરીને કેવળ મનઃપ્રદેશમાં જ મંત્રોચ્ચાર-મંત્રજાપ-કરવાનો હોય છે. અહીં ખાસ સમજવાનું એ છે કે ઓષ્ટ તથા જિહ્વાનું હલનચલન બંધ થવા માત્રથી **માનસ જાપ** શરૂ થઇ જાય છે, એવું એકદમ માની લેવું નહિ. કેમ કે હોઠ તથા જીભનો વ્યાપાર બંધ કર્યા પછી પણ, જેને **ઉપાંશુ** કહી શકાય તેવા પ્રકારનો જાપ ચાલુ રહી શકે છે.

જાપના મનોગત ઉચ્ચારણનો પડઘો, જે મનમાં પડે છે, તે ક્યાંથી આવે છે, તેની ચકાસણી કરી જોવાનું સાધક માટે આવશ્યક છે. **વાચાનું ઉદ્‌ભવસ્થાન કંઠ છે અને કંઠ દ્વારા થતો જાપ જિહ્વા કે ઓષ્ટના હલનચલન વિના થઇ શકે છે.** એટલે પ્રત્યેક સાધકે માનસજાપ કરતી વખતે આ વાતની ખાત્રી કરી લેવી જોઇએ કે જેને પોતે **માનસજાપ** માને છે, તે કંઠ-જાપ તો નથી ને? કંઠ-જાપ જો થતો હશે, તો મનઃપ્રદેશમાં સંભળાતા જાપનું ઉદ્‌ભવસ્થાન કંઠ છે, એની ખબર સાવધાન સાધકને તુરત જ પડી જશે. ખાસ કરીને જેઓ લાંબા સમયથી **માનસ-જાપ** કરતા હોય, છતાં મનમાં એકાગ્રતા ન આવતી હોય અને ઇદિયંતૃતિયં વિચારોની આવજા તથા દોડાદોડી મનમાં થયા કરતી હોય, તેમણે તો પોતાના આ **માનસ-જાપ**ના પ્રકારની ચકાસણી વહેલામાં વહેલી તકે કરવી જોઇએ.

**માનસજાપની સર્વ પ્રથમ આવશ્યકતા ચર્મચક્ષુઓને બંધ કરી દેવાની છે. ઉઘાડી આંખે માનસ-જાપ થઇ શકતો નથી અથવા જો થઇ શકે, તો તે દીર્ઘ પરિશ્રમ પછી લાંબા કાળે સાધ્ય થાય છે.** એટલે વિશુદ્ધ **માનસ-જાપ** કરવા ઇચ્છનારે સર્વ પ્રથમ તો નેત્રોને મીંચેલાં રાખવાં જોઇએ. ઉઘાડી આંખે **ભાષ્ય** તથા **ઉપાંશુ**થી ભિન્ન એવો જે **માનસ જાપ** થાય છે, તે પ્રાય કંઠ-જાપ હોય છે અને તેને કેવળ સ્મરણ યા રટણની કક્ષામાં મૂકી શકાય. આ સ્મરણ અને રટણ તો સાધનામાં પ્રગતિ કરી ચૂકેલા સાધક માટે સહજ બની જાય છે, પરંતુ તે વિધિપૂર્વકનો **'માનસ-જાપ'** નથી.

માનસ-જાપના ઉચ્ચારણનું ઉદ્‌ભવસ્થાન સ્વયં ચિત્તમાં જ હોવું જોઇએ. આ માટે દૃષ્ટિને ભાલપ્રદેશના મધ્યભાગમાં સ્થિર કરવી જોઇએ. બંધ થયેલી આંખોમાં પાંપણની નીચે ઢંકાયેલાં નેત્રોનાં બંને રત્નોને આ માટે થોડોક શ્રમ આપવો પડે છે. ભ્રકુટિને જરા અદ્ધર ચડાવીને, નેત્રોનાં રત્નોને જરાક ઉર્ધ્વદિશામાં સ્થિર કરવાથી કપાળના પ્રદેશમાં કંઇક ભાર અનુભવાય ત્યારે સમજવું કે ચિત્તમાં જે આકાશ (અવકાશ) છે, ત્યાં (ભાલપ્રદેશમાં) દૃષ્ટિ સ્થિર થઇ છે. આ રીતે ત્યાં સ્થિર થયેલી દૃષ્ટિ વડે શરૂ થતા જાપમાં મંત્રાક્ષરોનું ઉચ્ચારણ તે પ્રદેશમાં જ એટલે કે ચિત્તમાં જ ઉદ્‌ભવે છે. ચિત્તના આકાશમાં આ રીતે માનસ-જાપ જ્યારે સ્થિરતા પ્રાપ્ત કરશે ત્યારે ઉચ્ચારણ પણ ત્યાંથી જ, તે પ્રદેશમાંથી જ ઉદ્‌ભવે છે, તેનો અનુભવ સાધક કરી શકશે. એની સૌથી પ્રથમ પ્રતીતિ તો એ થશે કે વિચારોની ગરબડસરબડ કે દોડાદોડીનું જોર મંદ પડી જશે અને ધીરે ધીરે અદ્‌ભુત એકાગ્રતા પ્રાપ્ત થશે. આ રીતના **માનસ-જાપ**માં સાધક જેમ જેમ પ્રગતિ કરતો જશે, તેમ તેમ મસ્તકની ઉપરના (અંદરના) ભાગમાં-જ્યાં બ્રહ્મરંધ્ર છે, ત્યાં થોડીક હલચલ થતી હોવાનો અનુભવ થશે. **માનસજાપ**ના આ વિશુદ્ધ પ્રકારનો અભ્યાસ પાડતી વખતે સાધકે ધીરજ રાખવી જોઇએ. જ્યારે શ્રમ પડવા લાગે, ત્યારે **માનસ-જાપ** બંધ કરીને **ઉપાંશુ** તથા **માનસ-જાપ**ની વચ્ચેના કંઠ-જાપનો આશ્રય લઇ, ચિત્તના આકાશને આરામ આપવો જોઇએ. ચક્ષુઓનાં રત્નોને પણ અભ્યાસ પડે, તે માટે આરામ આપવાની જરૂર છે. બીજી એટલી જ મહત્ત્વની વાત કરોડરજ્જુને ટટ્ટાર રાખવાની છે. પદ્માસન, સિદ્ધાસન અને સુખાસન એ ત્રણેનો વારાફરતી ઉપયોગ કરવો. શરૂઆત કરવા માટે સિદ્ધાસન વધુ ઉપયોગી થશે. એનાથી ચિત્તની સ્થિરતા પ્રાપ્ત કરવામાં સારી સહાય મળે છે. પદ્માસન તો ઉત્કૃષ્ટ આસન છે. શારીરિક અસ્વસ્થતા હોય તો શવાસન પણ સારી સહાય કરશે. ટટ્ટાર કરોડરજ્જુ અને ચિદાકાશમાં (ચિત્તના આકાશમાં એટલે ભાલપ્રદેશમાં) સ્થિર થયેલી દૃષ્ટિ વડે ચિત્તમાં જ ઉદ્‌ભવતા ઉચ્ચારણપૂર્વકના જાપની અસર અદ્‌ભુત છે. **મુખમંડળ ઉપર પ્રસન્નતાના ભાવોનું અંકન કરીને આ રીતે ગણવામાં આવેલા ત્રણ જ નવકારનો મહિમા અન્યથા ગણાતા હજારો નવકાર કરતાં વિશેષ છે.** એનો અનુભવ સાધકને કાળક્રમે થશે જ. પરંતુ અન્યથા એટલે કોઇ પણ રીતે ગણાતા શ્રીનમસ્કાર મહામંત્રનું મહત્વ તેથી જરા પણ ઓછું થતું નથી. જ્યારે રીતસરના જાપ શરૂ કરવાના હોય, ત્યારે **'આ મર્કટ મન હવે તમને સોંપ્યું. એની જવાબદારી હવે તમારી,'** એવી ભાવના ઉપાસ્ય દેવગુરુને-પંચ પરમેષ્ઠીને-ઉદ્દેશીને ભાવ્યા પછી શરૂઆત કરવાથી પણ અચિંત્ય લાભ થશે. ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત કરવામાં તેથી ખૂબ મદદ મળશે. **સૌને લાભ થાઓ, સૌનું કલ્યાણ થાઓ.** □□□

શુભેચ્છક
**શ્રી શાંતિનાથ દેરાસર જૈન પેઢી** ઠાકુરદ્વાર, મુંબઇ-૪૦૦ ૦૦૨.
હ. શ્રી સુરેશભાઇ દેવચંદ શાહ



# શ્રી નવકારની સાધનાના અંગો

## કિરણભાઈ

**આ લેખમાં મંત્રાધિરાજ શ્રી નવકારની સાધનામાં રસ, વેગ અને એકાગ્રતા વધારવાના અતિ અગત્યના મુદ્દાઓ આલેખવામાં આવ્યા છે. -તંત્રી**

**૧. માહાત્મ્ય :** શ્રી નવકારને ત્રાજવાના એક પલ્લામાં મૂકવામાં આવે અને બીજા પલ્લામાં જગતના અન્ય સર્વ સુખના ઉપાયોને મૂકવામાં આવે તો પણ નવકારનું પલ્લું નીચે જ રહે. શાસ્ત્રકાર મહર્ષિઓની આ વાણીમાં કાવ્યમય ઉપમા નથી પણ ભારોભાર સત્ય છે. એ સત્ય જેમ જેમ સાધકને સમજાતું જાય છે, તેમ તેમ તેની સાધનાનો વેગ વધતો જ જાય છે. નવકારના શબ્દ દેહમાં પરમેષ્ઠીનો આત્મા રહે છે. પંચ પરમેષ્ઠીનો મંત્ર નવકાર છે, યંત્ર સિદ્ધચક્ર છે અને તંત્ર સામાયિક છે. શ્રી મહાનિશીથ સૂત્ર કહે છે કે નવકાર સ્મરણથી ચિંતવ્યું, પ્રાર્થ્યું અને પ્રારંભ્યું સિદ્ધ થાય છે.

**૨. સત્ય :** નવકારનું સત્ય શાશ્વત છે, તે ક્યારેય જૂનું થતું નથી. જે જૂનું થાય તે સત્ય નહિ. સત્યમાંથી તો નિત્ય નવા નવા અર્થો પ્રગટ થાય છે અને સાધક જે શોધે છે, તે તેમાંથી મળી રહે છે.

**૩. શ્રદ્ધા :** નવકારમાંથી ઈપ્સિતને મેળવવા માટે તેને મનમાં વસાવવો પડશે. જીભ તેને ગણતી હોય એટલા માત્રથી તે મનમાં વસ્યો છે, એમ ન કહી શકાય, નવકારના પ્રકાશને હૈયા સુધી પહોંચાડવા માટે તેના અચિંત્ય સામર્થ્યમાં શ્રદ્ધા જરૂરી છે, શ્રદ્ધામાં અસીમ બળ છે, તે મન, વચન અને કાયાના યંત્રોને જબ્બર વેગ આપે છે. શ્રદ્ધા દ્વારા જ આપણામાં નવકારના અસીમ બળને સમજવાની શક્તિ પ્રગટશે. મંત્રસિદ્ધિ માટે શ્રદ્ધા અનિવાર્ય છે. માનસિક સંકલ્પશક્તિ શ્રદ્ધાની વિદ્યુતવડે અચિંત્ય કાર્યો કરે છે. શ્રદ્ધેયમાં યુક્તિ કે ચમત્કારની રાહ ન જોવાય. માનવદેહ હોવો, શ્રેષ્ઠ સાધનો હોવાં અને શ્રદ્ધા ન હોવી આથી વિશેષ દુ:ખદ શું છે?

**૪. આધ્યાત્મિક ભાષા :** શ્રદ્ધાની સાથે ભક્તિ પણ અત્યંત આવશ્યક છે. હૃદયના ઉંડાણમાંથી જ્યારે ભક્તિનો અકૃત્રિમ સ્રોત વહે છે, ત્યારે ઉપાસના અવશ્ય સફળ થાય છે. જ્યારે શ્રદ્ધા અને ભક્તિ સાથે એકાગ્રતાપૂર્વકનો જપ, નિષ્કામ તપ, કૃતજ્ઞતા, ગુણાનુરાગ તત્ત્વચિંતન ભળે છે, ત્યારે જ અંતરમાં અનેરો પ્રકાશ અનુભવાય છે. નવકાર સાથે આધ્યાત્મિક ભાષામાં વાત શ્રદ્ધા અને ભક્તિ દ્વારા થાય છે. સમજી રાખવું કે સંસારનું કારણ જેમ રાગ દ્વેષ, તેમ નવકારની અભક્તિ પણ ખરી.

**૫. પરિચય :** નવકારની સાધનામાં વેગ લાવવા માટે પંચ પરમેષ્ઠીઓને સારી રીતે સમજવા પડશે. વ્યક્તિને મળવા માત્રથી તેનો પદાર્થ પરિચય ન થાય તેમ પંચ પરમેષ્ઠી ભગવંતોનો સાચો પરિચય તેમની આરાધના વિના ન થાય. શ્રદ્ધા-ભક્તિયુક્ત એકાગ્ર મનથી જપ એ તે આરાધનાનું પ્રથમ પગથિયું છે. તેની સાથે ગુરુમુખે એમનું વિશેષ સ્વરૂપ શ્રવણ જોઈએ. એથી અનુપ્રેક્ષા કરવાની મહાન શક્તિ આત્મામાં પ્રગટ થાય છે. તે અનુપ્રેક્ષા શ્રી પરમેષ્ઠી ભગવંતોના સ્વરૂપને અનુક્રમે સ્પષ્ટ કરતી જાય છે. નવકારમાં દેવ-ગુરુ-ધર્મ (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર) છે. નવકારનું સ્મરણ એના સ્મરણરૂપ બનવું જોઈએ. સ્મરણ એટલે દિલનાં સમર્પણ.

**૬. સામાયિક અને પરાર્થવૃત્તિ :** ઉપરના સાધનોથી મન, વાણી અને દેહ પવિત્ર બને છે, કર્મમલ ઘટે છે અને સામાયિકનો ભાવ પ્રગટે છે. શ્રી પરમેષ્ઠી ભગવંતોનો પરિચય જેમ જેમ યથાર્થ થતો જાય છે, તેમ તેમ સ્વાર્થભાવ ઓગળતો જાય છે અને પરાર્થભાવ વૃદ્ધિ પામે છે અને જેમ સ્વાર્થભાવ ઓગળતો જાય છે અને પરાર્થભાવ વધતો જાય છે, તેમ તેમ પરમેષ્ઠી ભગવંતોનું સ્વરૂપ વધુ સ્પષ્ટ થતું જાય છે. સ્વાર્થભાવથી વ્યક્તિ પોતાને તેમ જ અન્યને કેવી હાનિ કરે છે, જ્યારે પરાર્થ ભાવવડે પોતાનું તેમજ સૌનું કેવું હિત થાય છે, એ સમજવું પડશે. પરમેષ્ઠીના પરિચયથી એ સમજાય છે, પરાર્થભાવની વૃદ્ધિ એ સમત્વનું સામાયિકભાવનું અવંધ્ય કારણ છે. સમત્વ વધતાં સાધક-સાધ્ય વચ્ચેનું અંતર ઘટતું જાય છે.

**૭. મોક્ષ માર્ગ :** નવકાર પરમેષ્ઠીનો, પંચ પરમેષ્ઠી ચાર શરણાંનો, ચાર શરણાં સામાયિકનો અને સામાયિક મોક્ષનો પરિચય કરાવે છે. નવકાર વડે સર્વ જીવોનું હિત જેમાં છે, એવો માર્ગ દેખાય છે અને સામાયિક વડે તે તે માર્ગ આચરાય છે. મહામંત્રના જાપ અને સામાયિક-સ્વાધ્યાય અનુપ્રેક્ષા (ચિંતન) વડે આધ્યાત્મિક સમૃદ્ધિના ભંડાર ખૂલે છે.

**૮. અક્ષરોનો પ્રકાશ અને સૌનું હિત :** ઉપર કહેલાં સાધનોને એકત્ર કરીને જ્યારે નવકારના અક્ષરો હૃદયમાં પ્રકાશમાન જોવા મળે છે, ત્યારે તેમાં તે સફળ બનતો જાય છે. સતત પ્રયત્નથી અક્ષરોનો પ્રકાશ વધતો જાય છે

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ બાવન જિનાલય તીર્થ દેવચંદનગર, ભાયંદર (વે)
શુભેચ્છક
હ. શ્રી સુરેશભાઈ દેવચંદ શાહ

અને તે પ્રકાશ દ્વારા તેનું હૈયું સર્વ જીવોના કલ્યાણમાં ઓતપ્રોત બને છે.

**૯. અરિહંતનો દેહ :** શ્રી નમસ્કાર મહામંત્રના ૬૮ અક્ષરો એ જાણે શ્રી અરિહંત પરમાત્માનો દેહ છે. સાક્ષાત્ જાણે શ્રી અરિહંત પરમાત્મા વિદ્યમાન હોય અને આપણે તેમની ભક્તિ કરીએ, તેમ નવકારની પણ ભક્તિ કરવી જોઇએ.

**૧૦. રતિ-પ્રેમ :** નમસ્કારમાં રતિ-પ્રેમ થવો જ જોઇએ. તે વિના જ્ઞાન-ચારિત્ર અને તપ સાધનો સફળ થતાં નથી. મોક્ષદાતા શ્રી પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરવાની રતિ ન થઇ, તો ભવવર્ધક વિષયો પરની રતિ-આદર નહિ ખસે. ને ત્યાં સુધી જીવન નિષ્ફળ છે. જેને શ્રી પરમેષ્ઠી ભગવંતો પર અનન્ય પ્રેમ જાગ્યો તેનું બધું સફળ છે. એ પ્રેમ એ વિષયાશક્તિને ઘટાડવાનો અમોઘ ઉપાય છે. પ્રેમ વધારવા સમર્પણ ભાવ વધારો. સમર્પણ ભાવ વધારવા સર્વ ઇષ્ટદાતા તરીકે સંવેદન કરો.

**૧૧. આરાધનાનો પ્રભાવ :** શ્રી શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ એ ત્રણે ભુવનરૂપી રંગ મંડપને વિશે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયીને જે કાંઇ પણ આશ્ચર્યકારક અતિશય જોવામાં કે સાંભળવામાં આવે છે, તે સર્વ નવકારની આરાધનાના પ્રભાવથી જ થયેલ છે, એમ સમજવું.

**૧૨. જીવનનું અંગ :** શ્રી નવકારના જપને જીવનનું એક અંગ બનાવવું જોઇએ. જેમ ઉચિત ખોરાક ન મળે તો આપણે અસ્વસ્થ બનીએ છીએ તેમ નવકારનો જપ જે દિવસે ન થાય તે દિવસે અસ્વસ્થતા વ્યાકુળતા ઉત્પન્ન થવી જોઇએ, અને જે દિવસે જપ થાય તે દિવસે અપૂર્વ આનંદ-પ્રસન્નતા થવી જોઇએ.

**૧૩. સતત જાપ :** નવકારના જપમાં એટલો બધો પ્રયત્ન કરવો જોઇએ કે જપ શ્વાસોચ્છવાસની જેમ સહજ બની જાય, એના માટે વિચાર કરવો પડે, એની ગૂંજ પ્રગટે. તે એટલો બધો સહજ બની જાય કે આપણે ગમે તે અન્ય કાર્યમાં હોઇએ તો પણ અજપાજાપ અંદરખાને નવકાર સતત ચાલુ જ રહે એ રીતે નવકારની સિદ્ધિ થયા પછી અણધારી રીતે સર્વ અનુકૂળતાઓ કુદરત દ્વારા સર્જાતી જ જાય છે, નવકારની ગૂંજથી કર્મો ઓગળી જાય છે. કષ્ટો કરમાઇ જાય છે, ને ઇષ્ટ સામે આવે છે.

**૧૪. સર્વકાલીન આલંબન :** આ કાળ જ એવો છે કે જેમાં આર્ત કે રૌદ્ર ધ્યાનની બહુલતા હોય. સામાન્યતઃ જીવો સારાં આલંબનો દ્વારા શુભ ધ્યાન ટકાવી શકે છે. પરંતુ તે આલંબન જતાં પાછું ચિત્ત અશુભ ધ્યાનમાં ચડે છે. એ દૃષ્ટિએ જો આપણે નવકારને આપણું સર્વકાલીન આલંબન બનાવીએ તો આપણે અશુભ ધ્યાનના કદી પણ શિકાર ન બનીએ. પૂર્વધરો અને યોગી પુરુષો આનું શરણ કરે છે. નવકારને ગણનારનાં સંકલેશ, અરતિ, કષ્ટ, ભય, અસમાધિ વગેરે સર્વ દોષો નાશ પામે છે, માટે તેવા અવસરે વારંવાર નવકાર સ્મરવો.

**૧૫. વિધિ ગ્રહણ :** ઉપધાન તપ દ્વારા વિધિપૂર્વક ગ્રહણ કરાયેલ નવકાર વધુ લાભદાયી બને છે. ઉપધાન એટલે નમસ્કાર મહામંત્રની આત્મામાં પ્રાણપ્રતિષ્ઠા. વિવિધપૂર્વક ગુરુમુખે નવકાર લેવાથી એ કાનોમાં ગૂંજે છે. તેનું ગૂંજન રહે છે, જપવાથી જિહ્વા પર તેનો રસ પ્રગટે છે, વિશેષ આરાધવાથી મનમાં તેનાં રટણ ઊભાં થાય છે, ને ત્રિવિધ ત્રિવિધે અર્પિત થવાથી આત્મામાં તે વ્યાપ્ત બને છે. કાન-જીભ-મન-આત્મામાં ક્રમશઃ એ થતું આવે.

**૧૬. ગુણાનુરાગ અને અંતરાત્મભાવ :** પંચ નમસ્કાર એ ગુણાનુરાગનું પ્રતીક છે. ગુણાનુરાગ વિના બહિરાત્મભાવ જાય નહિ અને અંતરાત્મભાવ પ્રગટે નહીં, પંચનમસ્કાર ગુણાનુરાગમાં વૃદ્ધિ કરી અંતરાત્મભાવને વિકસાવીને અંતે પરમાત્મભાવ પ્રગટાવે છે.

**૧૭. રસ-એકાગ્રતા :** નમસ્કારમાં એકાગ્રતાની વૃદ્ધિ થાય, તે માટે તેમાં રસ ઉત્પન્ન થવો જોઇએ. રસ તન્મય બનાવે છે, રસ જગાડવા નવકારને રત્નપેટી સમજો, જેનો ભાર અલ્પ, અને માલ બહુ. નવકાર આગળ જગતના પદાર્થો દાસ છે. જ્યાં રસ છે ત્યાં એકાગ્રતા આવે જ છે. એકાગ્રતાથી પ્રણિધાન સિદ્ધ થાય છે. 'प्रणिधान कृतं कर्म मतं तीव्र विपाकवत्' પ્રણિધાન-તન્મયતાથી ફળ ઉત્કૃષ્ટ આવે છે, નહિતર મંદક્રિયાના મહત્વથી અધિક મહત્વ તેમાંની તન્મયતાનું છે. નવકારમાં સ્વાર્થ જાગ્યા પછી આ સુલભ બને છે. સાચી રીતે આપણા સ્વાર્થમાં રસ હોય, તો નવકારમાં રસ જોઇએ જ.

**૧૮. ઇન્દ્રિયજય :** વિષયરસ નવકાર રસને અટકાવે છે. ઇન્દ્રિયો વિષયો પ્રત્યે દોડે છે. એને બલાત્કારે રોકવામાં બહુ શક્તિ ખરચવી પડે. ઇન્દ્રિયોને પ્રેરનાર મનને કેળવવાથી ઇન્દ્રિયસંયમ સુલભ બને છે. મનનું Sublimation ઉર્ધ્વીકરણ કરવા નવકાર ભારે સહારો આપે છે. એકલા વિરાગથી એ ન પણ બને. નવકાર એટલે પરમ પુરુષથી રાગતા, ભક્તિ વધારવી પડે. એ માટે એમના પર બહુમાન, આસ્થા, પક્ષપાત, મમતા જોઇએ. એ રાગ રોગનાં મહારસાયણ છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે, 'રાગનું ભેષજ સુજન સનેહો રે.'

**૧૯. અંતિમ મંગલ :** શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યેનો અવિહડ પ્રેમ એ સર્વ સાધનાઓનું પ્રથમ અંગ છે. તેથી તે નવકારની સાધનામાં પણ પરમ આવશ્યક છે. સર્વ જીવોનાં હૃદયમાં તે પ્રેમ પ્રગટો, એ જ મંગલ કામના.

□□□

**પૂજ્યશ્રી જયંતભાઇ 'રાહી'ના સૂર અને શબ્દના સથવારે**
**વૈશાખ મહિનાના નવકાર મંત્ર જાપ અનુષ્ઠાન**

**ચેમ્બુર તીર્થ મધ્યે**
વૈશાખ સુદ-૧ને શુક્રવાર, તા. ૧૦-૫-૨૦૧૩

**ઘાટકોપર મધ્યે**
વૈશાખ સુદ-૯ને રવિવાર, તા. ૧૯-૫-૨૦૧૩

**મુલુન્ડ મધ્યે**
વૈશાખ સુદ-૧૫ને શનિવાર, તા. ૨૫-૫-૨૦૧૩

**શ્રી નમિનાથ જિનાલય-પાયધુની મધ્યે**
વૈશાખ વદ-૯ને રવિવાર, તા. ૨-૬-૨૦૧૩

# ચાર મંગળ, ચાર શરણ

શરણાર્થી

પોતાનો ભાર બીજો ઉપાડી લે તે સૌ કોઇને ગમે, અને તેથી જ દરેક મનુષ્ય, એવા કોઇ તત્ત્વની શોધમાં હોય છે કે જેનું શરણ સ્વીકારી પોતે નિશ્ચિંત થઇ શકે. પ્રશ્ન એટલો જ છે કે શરણું લેવું કોનું? મનુષ્યનું શરણ લેવાથી - મનુષ્ય સર્વજ્ઞ કે સર્વશક્તિમાન નહિ હોવાથી શરણ લેનારનું કાંઇ વળે નહીં. શરણ તો એવાનું જ લેવાય કે જે સદા, સર્વ કાળે, સર્વ પ્રકારે શરણે આવનારનું રક્ષણ કરે. શરણે જનારમાં પણ, જેના શરણે જાય તેની રક્ષણાત્મક શક્તિમાં સંપૂર્ણ, અતૂટ, દૃઢ વિશ્વાસ હોવો જોઇએ અને ભગવાન સિવાય બીજો કોણ રક્ષણહાર થઇ શકે તેમ છે? સર્વ મહાપુરુષોએ એક જ વાત જુદા જુદા સ્વરૂપે કહી છે. **'ઇશ્વરના શરણે જાવ,' 'ધર્મના શરણે જાવ,' 'સંઘના શરણે જાવ' અને જેના શરણે જાવ તેને સર્વભાવે સંપૂર્ણ સમર્પણ કરો.**

**'સમર્પણ'** એ શબ્દ છે તો માત્ર ચાર અક્ષરનો પરંતુ **'સમર્પણ'** કેટલું મુશ્કેલ છે, એ તો અનુભવે જ જણાય, અને **સમર્પણ** કોને થઇ શકે? જેના પ્રત્યે આપણને અહોભાવ-(માન નહિ)-જાગ્યો હોય, તેને જ **સમર્પણ** થઇ શકે. કોઇના પ્રત્યે આપણને માન હોય તેથી તેને **સમર્પણ** ન થાય. આપણે રોજના વ્યવહારમાં અનુભવીએ છીએ અને પ્રસંગ આવે કહીએ છીએ કે 'મને તમારા પ્રત્યે માન, ઘણું માન છે પણ આ બાબતમાં મને કહેશો નહિ.' **'અહોભાવ'** હોય તો આવો જવાબ આપે જ નહિ. **'અહોભાવ'** એક વખત જાગે તો પછી જેના પ્રત્યે આપણને **'અહોભાવ'** જાગ્યો હોય, તેને હરપળે શું ગમશે અને શું નહિ ગમે તે જ આપણા માટે તો મુખ્ય વિષય એટલે દરેક કાર્યનું કેન્દ્ર થઇ રહે છે.

**વાણી, વર્તન** કે **વિચાર** પૈકી કોઇ વસ્તુ એવી ન હોય કે જે આપણને જેના પ્રત્યે **'અહોભાવ'** જાગ્યો હોય તેને અનુકૂળ ન હોય. પરિણામ એ આવશે કે ચોવીસે કલાક, હર મિનિટ, હર પળે આપણને જેના પ્રત્યે **'અહોભાવ'** જાગ્યો હશે, તેના જ વિચાર કરતાં થઇ જઇશું અને એ તો એક પ્રસિદ્ધ હકીકત છે કે માણસ જેના વિચાર કરે તેવો તે થાય. ઇયળ, ભમરીનો ન્યાય તો સુવિદિત જ છે. આપણે ઇશ્વરના જ વિચાર કરીએ, ધર્મના જ વિચાર કરીએ તો આપણે તેવા જ થઇએ.

જૈન શાસ્ત્રોમાં પણ **ચાર મંગલ** અને **ચાર શરણાં** બતાવેલા છે.

'चत्तारी मंगलं-अरिहंता मंगलं ।
सिद्धा मंगलं ।
साहू मंगलं ।
केवली पन्नतो धम्मो मंगलं ।
चत्तारी सरणं पवज्जामि ।
अरिहंत सरणं पवज्जामि ।
सिद्धे सरणं पवज्जामि ।
साहू सरणं पवज्जामि ।
केवली पन्नतं धम्मं सरणं पवज्जामि ।।

અરિહંતો મંગળ છે, સિદ્ધો મંગળ છે, સાધુ મંગળ છે અને કેવલી ભગવંતોએ પ્રરૂપેલો ધર્મ મંગળ છે અને જે વસ્તુ મંગળ હોય તેનું શરણું લેવાથી મંગળ જ થાય અને તેટલા માટે જ ચાર શરણ સ્વીકારવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.

**હું અરિહંતોનું શરણું સ્વીકારું છું.**
**હું સિદ્ધોનું શરણું સ્વીકારું છું.**
**હું સાધુઓનું શરણું સ્વીકારું છું.**
**હું કેવલીએ પ્રરૂપેલા ધર્મનું શરણું સ્વીકારું છું.**

શરણું સ્વીકારવું એનો અર્થ જ એ છે કે- જેના શરણે જઇએ છીએ, તેની રક્ષણાત્મક શક્તિમાં આપણને અડગ વિશ્વાસ છે.

આ પ્રમાણે શરણું સ્વીકારીએ એટલે આપણને તેમના પ્રત્યે **'અહોભાવ'** જાગ્યો હોવો જ જોઇએ અને **'અહોભાવ'** જાગ્યો હોય તો આપણે તેમનાં જ, તેમની આજ્ઞાના જ વિચાર રાત-દિવસ કરતા થઇ જઇશું અને તેમની કૃપાથી પરિણામે આપણે તેમના જેવા થઇ જઇશું.

શ્રી તત્ત્વાનુશાસનમાં કહ્યું છે કે :

**वीतरागोऽप्य देवो ध्यायमानो मुमुक्षुभिः ।**
**स्वर्गापवर्गफलदो शक्तिस्तस्यहिताद्दशी ।।**

**અર્થ :** આ દેવ વીતરાગ હોવા છતાં મુમુક્ષુઓ વડે ધ્યાન કરાતાં સ્વર્ગ અને અપવર્ગરૂપી ફળને આપનારા છે કેમ કે તેમની શક્તિ જ તેવા પ્રકારની છે. વળી **શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા**માં પણ કહ્યું છે કે -

**स देवो परमात्माख्य: शुद्धबोधप्रभावक: ।**
**अशरीरोऽप्यनन्तेन वीर्येण भवमोचक: ।।**

**અર્થ :** તે વીતરાગ પરમાત્મા નામના દેવ, શુદ્ધ જ્ઞાનરૂપી પ્રકાશને ફેલાવનારા (સ્વયં) શરીર રહિત હોવા છતાં અનંત વીર્ય વડે (જીવોને) સંસારથી મુકાવનારા છે.

**સૌને ચાર મંગળ અને ચારે શરણ મળો, એ જ અભ્યર્થના.**

□□□

# ધર્મ અને અધ્યાત્મને વર્તમાન જીવનમાં પરિવર્તન સક્રિય કરનારા પરિબળો

જયશ્રીબેન ભરત દોશી (ભાંડુપ)

વર્તમાન જીવનમાં વિવિધલક્ષી જ્ઞાન જેમ કે ઉદ્યોગલક્ષી આજીવિકાલક્ષી, વ્યાપારલક્ષી, વ્યવહારલક્ષી, દેહલક્ષી, વર્તમાન ટેકનિકલ જ્ઞાન, વિજાણુજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન વગેરે જ્ઞાનમાં આજના માનવે ખૂબ પ્રગતિ કરી છે. વિજ્ઞાનના સહારે સમુદ્રની ગહેરાઇને માપી છે તો આકાશની ઉંચાઇને આંબી છે. ગ્રહોની ઉડાન ભરી છે ત્યારે પ્રશ્ન એ થાય છે કે ઉપગ્રહ છોડનારો આજનો માનવી પોતાના હઠાગ્રહ, દૂરાગ્રહ, પૂર્વગ્રહ, પરિગ્રહ વગેરે છોડવામાં સફળ રહ્યો છે? સર્વેને સર્વ રીતે ઓળખનાર પોતાને-પોતાના અંતર આત્માને ઓળખવામાં સમર્થ બન્યો છે? રાગ, દ્વેષ અને કષાયોના મોહપાશમાંથી છૂટી આંતરિક સુખ અને શાંતિને પ્રાપ્ત કરી શક્યો છે?

ધર્મ અને અધ્યાત્મને જો જીવનમાં વણી લેવામાં આવે તો આંતરિક સુખ પ્રાપ્તિ માટેના દરવાજા ખુલી જાય છે. જ્ઞાનીજનોના મતે સેંકડો વિષયોનું જ્ઞાન સંપાદન પણ આધ્યાત્મિક જ્ઞાન સંપાદન વગર નિરર્થક છે, નિષ્ફળ છે. આધ્યાત્મિક વિજ્ઞાન સર્વ પ્રકારના વિજ્ઞાનમાં સર્વોપરિ છે. પરમ કૃપાળુ પરમાત્મા મહાવીર પ્રભુએ સ્પષ્ટ કહ્યું છે કે '**जो एगं जाणई सो सव्वं जाणइ।**' જે એક આત્માને જાણે છે તે સમસ્ત જગતને જાણે છે. અને આત્માને જાણવાની પ્રક્રિયા તરફ અધ્યાત્મ માર્ગ દ્વારા આગળ વધી શકાય છે. આધ્યાત્મિક જ્ઞાન દ્વારા જ્ઞાનીજનોએ- આત્મા સર્વ કર્મોથી મુક્ત બની સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકે તે માટેની પ્રક્રિયા-ઉપાયો જણાવ્યા છે.

'**अध्यात्मसार**' નામના ગ્રંથમાં પૂ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા. સ્પષ્ટ કહે છે કે -

**य: किलाशिक्षिताध्यात्मशास्त्र: पाण्डित्यमिच्छति ।**
**उत्क्षिपत्यंगुली पंगु: स स्वर्द्रुफललिप्सया ।।११।।**

અધ્યાત્મશાસ્ત્રના અધ્યયન વગર જ જે વિદ્વતાની ઇચ્છા કરે છે, તે એ પંગુ સમાન છે, જે કલ્પવૃક્ષના ફળ લેવા માટે આંગળી ઉંચી કરે છે એવી હાસ્યાસ્પદ સ્થિતિ હોય છે. તેમજ

**''अध्यात्मशास्त्रमुत्ताल – मोहजालवनानल: ।।**

વિકટ મહામોહજાળરૂપી વનને બાળવામાં દાવાનલ સમાન છે.

ધર્મ શબ્દ-સંસ્કૃતની મૂળ ધાતુ ધૃ = ધારણ કરવું તે અર્થ સાથે બનેલ છે. સંસારથી જે છોડાવે તે ધર્મ છે. '**दुर्गतिं प्रपतत् जन्तून् धारणात् धर्मोच्यते**' દુર્ગતિમાં પડતા જીવોને જે ધારણ કરે-બચાવે તે ધર્મ છે. જૈન શાસનમાં સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રને મોક્ષપ્રાપ્તિનો માર્ગ કહ્યો છે.

સંસારના સર્વ સુખો મન, વચન, કાયા અને ઇન્દ્રિયોને આધિન છે. જે પરાધીન સુખ છે, જે માત્ર સુખાભાસ છે, જે ભોગવવામાં આત્મા દુઃખી બને છે તે સાચું સુખ નથી. આત્માથી સીધું જે પ્રાપ્ત થાય છે તે આત્મીક સુખ છે, સ્વાધિન સુખ છે. સંસારી અવસ્થામાં કર્મસંયુક્ત આત્મા જ છે અને તે માટે સંસારથી મુક્ત થવા સર્વથા કર્મમુક્તિ જરૂરી છે. જેના ઉપાયરૂપ જ્ઞાનને જ્ઞાનીજનોએ અધ્યાત્મશાસ્ત્રમાં રજૂ કરેલ છે. ગુણોનું આશ્રયસ્થાન આત્મા છે જ્યારે દોષોનું આશ્રયસ્થાન કર્મ છે. કર્મબંધનથી મુક્ત થવા માટે જે ગુણ આત્મામાં રહેલ છે તે ગુણોને જ ધર્મ બનાવી, ગુણોની ઉપાસના કરી, સર્વ ગુણોના પ્રગટીકરણના લક્ષ સાથે આચારાત્મક-ક્રિયાત્મક ઉપાસના દ્વારા પુરુષાર્થ કરતાં થકી આત્મશુદ્ધિના માર્ગ પર જીવ આગળ વધી શકે છે. આ માર્ગ પર આગળ વધવા મંત્ર શક્તિ તેમજ તેની આરાધના જાપ-સ્મરણ ઉપકારક માધ્યમ બને છે.

મંત્ર શબ્દ સંસ્કૃત ભાષાનો છે. મંત્ર શબ્દ 'મન્' ધાતુમાં ષ્ટ્રન (ત્ર) તથા ધમ્ પ્રત્યય લાગીને બને છે. આ વ્યાખ્યા અનુસાર એનો અર્થ જેના દ્વારા સ્વાનુભવનો સાક્ષાત્કાર કરવામાં આવે તે છે. મંત્ર શબ્દમાં મન્+ત્ર એ બંને શબ્દો ક્રમશઃ મનન્, ચિંતન અને ત્રાણ અર્થાત્ રક્ષણ અને શુભનો અર્થ આપે છે. મંત્ર એ સ્થૂળથી સૂક્ષ્મ તરફ ગતિ કરતું વિજ્ઞાન છે. જેમ અણુના સૂક્ષ્મતમ કણમાં પ્રચંડ આણવિક ઉર્જા છુપાઇ હોય તેમ કેટલાક શબ્દોમાં-ધ્વનિમાં પણ પ્રચંડ આત્મિક ઉર્જા છુપાયેલી હોય છે. મંત્રને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોઇએ તો તે ધ્વનિતરંગોનું વિશ્વ છે. મંત્રના તરંગો મનથી જેટલી વધારે ઉંડાણમાં પ્રવેશ કરે તેટલી હદે મન વિશુદ્ધ બને અને જેટલી હદે મન વિશુદ્ધ બને તેટલી હદે શક્તિઓ-ઉર્જાઓ વધારે તેજોમય બની સંગ્રહિત થાય છે. અને અશુદ્ધ આવરણો હટતા જાય છે. અને આત્મા માટે સ્વર્ગના-મોક્ષના દ્વાર ખુલી જાય છે.

પ્રભુ ઋષભદેવસ્વામી દ્વારા પોતાના પુત્ર અને પુત્રીઓને શીખવેલ વિશિષ્ટ કલાઓમાં એક કલા હતી..મંત્રકલા... કોઇ વ્યક્તિ પાસે કલ્પવૃક્ષના ઉપયોગનો અધિકાર ન હોય તો તે મંત્ર કલા દ્વારા પોતાની ઇચ્છાઓની પૂર્તિ કરી શકતો. ઘટતી કલ્પવૃક્ષોની સંખ્યાઓથી સંઘર્ષ કે ક્લેશ ઉત્પન્ન ન થાય તે હેતુથી ઉભી કરાયેલી વ્યવસ્થા માટે તીર્થંકર શ્રી ઋષભદેવે મંત્ર કલાઓ વિકસાવીને તેનું જ્ઞાન લોકોને આપ્યું. આ રીતે ઇષ્ટ કાર્યોની સિદ્ધિ માટે મંત્રના ઉપયોગનો પ્રારંભ થયો.

જૈન શાસ્ત્રોમાં મંત્રની અતિ પ્રાચીન અને વિશાળ પરંપરા છે. જેના દેવતા પુરૂષ હોય તેને મંત્ર કહે છે. પુરૂષ દેવતાના મંત્ર સૌર કહેવાય છે. અને સ્ત્રી દેવતાના મંત્ર સૌમ્ય કહેવાય છે અને તેને વિદ્યા કહેવાય છે.

જૈન પરંપરામાં ૧૪ પૂર્વોમાંથી એક 'વિદ્યાનુપ્રવાદ પૂર્વ' ને જ બધી

પ્રકારની વિદ્યાઓ, મંત્રોના મૂળ સ્વરૂપ ગ્રંથ માનવામાં આવે છે.

જૈન દેવ-દેવીઓ, યક્ષ-યક્ષિણીઓ, બાવન વીરો જેવા અનેક દેવ-દેવીઓના સાક્ષાત્કાર માટે મંત્રપ્રયોગો જૈનશાસ્ત્રમાં ઉપલબ્ધ છે. ભાગ્યવૃદ્ધિ, ધનવૃદ્ધિ, ધાન્યવૃદ્ધિ, ભૌતિકસંપદા મનોવાંચ્છિત સિદ્ધિ, પશુ-પ્રાણી આદિથી બચવા માટે, વનસ્પતિ ઔષધિઓના ઉપયોગ અને ફળ પ્રાપ્તિ માટે, પાપાદિ અનેક દોષોથી બચવા માટે, વિષાદિના શમન માટે તેમજ આત્મિક, આધ્યાત્મિક, માનસિક વિકાસ અને સિદ્ધિઓ માટે અનેક મંત્ર વિધિઓ દર્શાવવામાં આવેલ છે. વિવિધ પ્રકારના મંત્રોમાં નામમંત્ર, બીજમંત્ર, ગુણમંત્ર આદિ સ્વરૂપોના મંત્ર જોવા મળે છે. જૈન દર્શનમાં અનેક મંત્રોને સ્થાન આપવામાં આવ્યું છે પરંતુ તેના અનિષ્ટ પ્રયોગ વર્જ્ય છે. સિદ્ધ અને યોગ્ય ગુરૂના આશીર્વાદ અને માર્ગદર્શન પણ આવશ્યક છે. સાચી શ્રદ્ધા, સારી વિધિ, નિયમીતતા, ધૈર્ય, શુદ્ધ ઉચ્ચાર અને શુદ્ધ આચાર મંત્રમાં ચૈતન્ય લાવી તેને સિદ્ધ બનવાની ક્ષમતા બક્ષે છે.

જૈન ધર્મમાં નમસ્કાર મહામંત્ર વિશુદ્ધ વિશ્વાસનો વિષય રહ્યો છે. આજે પણ વિજ્ઞાનની કસોટીએ બધી રીતે સાચો પડ્યો છે. મંત્ર દ્વારા સાંસારીક સુખોની કે ધન પ્રાપ્તિની ઈચ્છા રાખવી તે બહુજ તુચ્છ છે. મંત્ર જાપનો વાસ્તવિક ઉપદેશ કર્મ નિર્જરા કે મોક્ષ પ્રાપ્તિ છે. આત્મા માટે મોક્ષ સુખથી વધીને કોઈ દિવ્ય સુખ નથી. સમકિત દેવ-દેવી જેની પાસે અખૂટ સુખ-વૈભવ છે તે પણ મોક્ષ સુખની પ્રાપ્તિ માટે નવકાર મંત્ર જાપ કરતા હોય છે. મંત્રના જાપથી માનવીના જીવનમાં એક શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. શ્રદ્ધા જ મનુષ્ય જીવનનું સૌથી મોટું બળ છે. શ્રદ્ધા એક ચમત્કાર છે. મંત્ર એ શ્રદ્ધાનો પ્રાણ છે જેના દ્વારા સ્વાનુભવનો સાક્ષાત્કાર કરવામાં આવે તે મંત્ર છે. શ્રી નવકાર મંત્રના મનન દ્વારા પંચ પરમેષ્ઠીના મહાન ગુણોની અનુભૂતિ થાય છે અને તેથી શક્તિ સંપન્ન થઈને કષ્ટપ્રદ સાંસારિકતાથી રક્ષણ મેળવવા અને મુક્ત થવા સમર્થ બનાય છે.

**સબસે બઢકર હૈ નવકાર, કરતા હૈ ભવ-સાગર પાર;**
**ચૌદહ પૂરવ કા યહ સાર, વારંવાર જપો નવકાર.**

પંચ પરમેષ્ઠી મંત્રનું વિશેષ પ્રકારે વર્ણન :

**શ્રી નમસ્કાર મહામંત્ર**

नमो अरिहंताणं ।
नमो सिद्धाणं ।
नमो आयरियाणं ।
नमो उवज्झायाणं ।
नमो लोए सव्वसाहूणं ।
एसो पंच णमुक्कारो ।
सव्व पावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं ।
पढमं हवइ मंगलं ।।

જગતનો કોઈ પણ વિકસિત શુદ્ધ કે નિર્મલ આત્મા શ્રી નવકાર મંત્રની બહાર નથી. આટલી વ્યાપકતા ધરાવનાર તે વિશ્વમંત્ર છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પાંચ પરમેષ્ઠી છે. નવકાર મંત્રથી કરાતો નમસ્કાર મહામંગળરૂપ છે. સકલ વિઘ્નો દૂર કરી અચિંત્ય સિદ્ધિઓ આપનાર છે. સદ્‌ગતિની પ્રાપ્તિ થાય છે. નમસ્કાર કરતી વખતે પરમેષ્ઠીના ગુણો પ્રત્યે અનુમોદના તથા આકર્ષણ રહે છે. અનુમોદનાથી સકૃત તથા ગુણનસિદ્ધ કરવાની દિશામાં પહેલું પગલું મંડાય છે.

**(૧) અરિહંત :** એ પહેલા પરમેષ્ઠી છે. 'નમો અરિહંતાણં' ગુણાત્મક પદથી ત્રણે કાળના તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરાયા છે. અઢાર દોષરહિત, ૧૨ ગુણોથી ગુણવંતા છે. અરિહંતમાં ૩૪ અતિશયો યાને પુરૂષોત્તમ પરમાત્માની વિશિષ્ટતા છે. આ વિશિષ્ટતા ઉત્પન્ન થવામાં કારણભૂત એમણે પૂર્વ ભવોમાં સાધેલ ૧. અરિહંત-સિદ્ધ-પ્રવચન વગેરે ૨૦ સ્થાનકપદ કોઈ એક યા બધા પદની ઉચ્ચ સાધના તથા ૨. અત્યંત નિર્મળ સમ્યગ્ દર્શનની ઉચ્ચ કોટીની સાધના, તેમજ ૩. સંસારના કર્મ પીડિત સર્વ જીવોનો હું કેમ ઉધ્ધાર કરું એવી કરૂણ ભાવના છે. તેમજ અરિહંત બનવાના જીવનમાં પણ મોટી રાજ્યઋદ્ધિ, વૈભવવિલાસ વગેરેને તિલાંજલી આપી સર્વ પાપપ્રવૃત્તિના ત્યાગરૂપે અહિંસાદિ વગેરે મહાવ્રત સ્વીકારી, કઠોર સંયમ, તપસ્યા અને ધ્યાન સાધના સાથે ઉપસર્ગ પરિષહને સહન કરે છે. જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતી કર્મનો નાશ કરી વીતરાગ સર્વજ્ઞ બને છે. ત્યાં પૂર્વની પ્રચંડ સાધનાથી ઉપાર્જેલ તીર્થંકરપણાનું પુણ્ય પણ ઉદયમાં આવે છે અને એ અરિહંત પરમાત્મા બને છે. ક્રમશઃ આયુષ્ય સમાપ્ત થતાં બાકીના અઘાતિ કર્મનો ક્ષય કરી મોક્ષે પધારે છે.

અરિહંત દેવ ધર્મ શાસનની સ્થાપના કરે છે તેમજ સંસારરૂપ મહાભયંકર અટવીમાં ભ્રમણ કરવાથી ઉદ્વેગ પામેલા જીવોને અનુપમ પરમ આનંદદાયક મોક્ષમાર્ગ-યથાર્થ તત્ત્વની સમજણ આપે છે. શ્રી અરિહંતના ઉપદેશથી જ બીજા પણ જીવો મોક્ષમાર્ગની આરાધના કરી સર્વ કર્મ ક્ષય કરીને સિદ્ધ થાય છે. આથી મોટા ઉપકારી હોવાથી તેમને પંચ પરમેષ્ઠીમાં પ્રથમ પદે બિરાજીત કર્યા છે.

**(૨) સિદ્ધ :** બીજા પરમેષ્ઠી છે. સિદ્ધ એટલે કર્મથીમુક્ત, સંસારથી મુક્ત-શુદ્ધ આત્મા. અરિહંત ન થઈ શકે એવા આત્મા પણ અરિહંતના ઉપદેશ અનુસાર મોક્ષમાર્ગની સાધના કરી આઠેય કર્મોનો નાશ કરીને મોક્ષ પામે છે. એ પછી તે તદ્દન શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિર્વિકાર, નિરાકાર સ્થિતિ પ્રાપ્ત કરીને રાજલોકના મથાળે સિદ્ધ શિલા પર શાશ્વત કાળ માટે સ્થિર થાય છે. આવા સિદ્ધ પરમાત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, વીતરાગતા, અનંત લબ્ધિ, અજર-અમર સ્થિતિ, અરૂપિપણું અને અગુરૂ લઘુતા એમ ૮ કર્મના નાશથી ૮ ગુણ હોય છે.

**(૩) આચાર્ય :** ત્રીજા પરમેષ્ઠી છે. તે અરિહંત પરમાત્માની ગેરહાજરીમાં ચતુર્વિધ સંઘના અગ્રણી હોય છે. મુનિ દિક્ષા ગ્રહણ કરી અરિહંતે કહેલા મોક્ષમાર્ગની સાધના કરી રહ્યા હોય છે. તથા જિન આગમોનું અધ્યયન કરવાપૂર્વક, એ વિશિષ્ટ યોગ્યતા પ્રાપ્ત કરી ગુરૂ પાસેથી આચાર્ય પદ પામેલાં છે. આચાર્ય બની પવિત્ર પંચાચાર-જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્ર્યાચાર, તપાચાર અને વીર્યાચારનો પ્રચાર કરે છે તેમજ એ પંચાચાર પાળવા ઉદ્યત બનેલાને શરણું આપી નિર્મળ પાલન કરાવે છે. આમ

આચાર્ય એ ૫ ઈન્દ્રીય નિગ્રહ + ૯ વાડો + ૪ કષાય ત્યાગ + ૫ મહાવ્રત + ૫ આચાર + ૫ સમિતિ + ૩ ગુપ્તિ એમ ૩૬ ગુણધારક હોય છે.

**(૪) ઉપાધ્યાય :** એ ચોથા પરમેષ્ઠી છે. તેઓએ મુનિપણું ધારણ કરેલ હોય છે. આચાર્યની આજ્ઞા પ્રમાણે મુનિઓને જિન આગમનું અધ્યયન કરાવે છે. તેઓ ૨૫ ગુણધારક કહેવાય છે.

**(૫) સાધુ :** એ પાંચમા પરમેષ્ઠી છે. મોહભર્યા સંસારનો ત્યાગ કરી જીવનભર માટે મહાવ્રતો સ્વીકારેલ હોય છે. સાધુના ૨૭ ગુણ છે. ૬ વ્રત પાલન, ૬ કાય રક્ષા, ૫ ઈન્દ્રિય જય, ૩ મનોવક્કાય સંયમ, એમ (૨૦) તથા (૨૧) ક્ષમા, (૨૨)-લોભ-નિગ્રહ, (૨૩) ભાવ વિશુદ્ધિ, (૨૪) પડિલેહણ આદિમાં ઉપભોગ, (૨૫)-અનુષ્ઠાનમાં રિક્તતા, (૨૬) કષાયોમાં સંયમ, (૨૭) ઉપસર્ગ સહન.

તેમજ ચુલિકા સ્વરૂપ છેલ્લા ચાર પદમાં ફરમાવ્યું છે કે શ્રી પંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર સર્વ લોકના, સર્વ કાળના, સર્વ પ્રકારના, સર્વ પાપોનો નાશ કરે છે તેમજ વિશ્વના સર્વ મંગળભૂત પદાર્થોમાં સર્વશ્રેષ્ઠ મંગળરૂપ છે. જેનું જપ, સ્મરણ, ચિંતન, મનન, ઉપાસના, આરાધના, સાધના, ઉચ્ચારણ સંપૂર્ણ શ્રદ્ધા અને ભાવથી કરતાં જીવ આત્મશુદ્ધિ પ્રાપ્ત કરે છે.

શાશ્વત મહામંત્ર શ્રી નવકારના ૬૮ અક્ષરોમાં સમગ્ર શ્રુતજ્ઞાનનું સારતત્ત્વ સમાયેલું છે તે કેવી રીતે? તેની થોડીક વિચારણા બાલસુલભ શૈલીમાં અનુભવીઓ પાસેથી આ પ્રમાણે જાણવા મળે છે. દરેક કાર્યમાં ઉપાદાન અને નિમિત્ત બંને કારણ ગૌણ-મુખ્યભાવે પણ હોય જ છે. કેમ કે બંને એકબીજાના પૂરક બની કાર્યના ઘડતરમાં અનેરો ફાળો આપે છે. પરંતુ તત્ત્વ મહાપુરૂષો જણાવે છે કે ઔદયિક ભાવના (પૌદ્ગલિક-અઘાતી કર્મના ઉદય)થી થનારા કાર્યો માટે ઉપાદાન (પૂર્વકૃત કર્મના સંસ્કારવાળા આત્મા)ની મુખ્યતા છે અને નિમિત્ત કારણ (તેવા વિશિષ્ટ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ) છે. (ઉપાદાનની જેવી પરણતિ યોગ્યતા હોય તેવા) હોય છે. ક્ષાયોપશમિક ભાવના (આધ્યાત્મિક = ઘાતી કર્મના ક્ષયોપશમથી થનારા) કર્મોમાં નિમિત્ત (તેવા વિશિષ્ટ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ) ની મુખ્યતા છે. અને ઉપાદાન (કર્મના સંસ્કારોથી વીંટળાયેલ આત્મા) ગૌણ (જેવા વિશિષ્ટ નિમિત્તો મળે તેવા રૂપે પલટી શકે તેવું) હોય છે.

પૌદ્ગલિક પદાર્થોની પ્રાપ્તિ - ભોગ આદિમાં નિમિત્તો ઉપાદાન સાપેક્ષ કાર્ય સાધક બને. પરંતુ આધ્યાત્મિક (જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, ચારિત્રાદિ) પદાર્થો તો આત્માના સહજ મૂળભૂત સ્વરૂપ છે.

આધ્યાત્મિક ક્ષેત્રોમાં ઉપાદાનની પરિણતિ તેવા વિશિષ્ટ નિમિત્તોના આલંબન પર નિર્ભર છે. શ્રી નવકાર મહામંત્રના શાશ્વત વર્ણોના જાપ-સ્મરણ આદિ વિશુદ્ધ નિમિત્તથી ઉપાદાન આત્મામાં રહેલ કર્મોનો ઝડપી વિનાશ થવાની શાસ્ત્રકારોની નીચેની વાત સુસંગત રીતે સમજી શકાશે.

શ્રી નમસ્કાર મહામંત્રના અદ્‌ભુત આધ્યાત્મિક સામર્થ્યવાળા-

❖ એક અક્ષરના ઉચ્ચારણથી ૭ સાગરોપમના પાપોનો ક્ષય થાય.

❖ એક પદના જાપથી ૫૦ સાગરોપમના પાપોનો ક્ષય થાય. પ્રથમ પદમાં ૭ અક્ષર તેથી ૭x૭=૪૯ સાગરોપમ. અને આખા પદના સમુચ્ચયનો ૧ સાગરોપમ = ૪૯+૧=૫૦ સાગરોપમ.

❖ એક નવકાર મહામંત્ર ગણવાથી ૫૦૦ સાગરોપમના પાપોનો ક્ષય થાય. શ્રી નવકાર મહામંત્રના ૬૮ અક્ષરો છે. એક અક્ષરના જાપથી ૭x૬૮=૪૭૬ સાગરોપમ; નવકાર મહામંત્રના-૯ પદોના ૯ સાગરોપમ, ૮ સંપદાના ૮ સાગરોપમ, ૭ ગુરૂ અક્ષરના ૭ સાગરોપમ=૯+૮+૭ = ૨૪ કુલ. આથી (૪૭૬+૨૪) = ૫૦૦ સાગરોપમ

❖ એક નવકારવાળી = ૧૦૮ નવકાર ગણવાથી ૫૪,૦૦૦ સાગરોપમના પાપોનો ક્ષય થાય. ૫૦૦x૧૦૮=૫૪,૦૦૦ સાગરોપમ. વળી ૬૮ સંખ્યાનું ગણિતનું વિશ્લેષણ અદ્‌ભુત આધ્યાત્મિક ફળ સૂચવે છે.

❖ ૬+૮ = ૧૪ શ્રી નમસ્કાર મહામંત્ર ૧૪ પૂર્વનો સાર છે.

❖ ૬x૮=૪૮ શ્રી નમસ્કાર મહામંત્રને યોગ્ય રીતે આરાધનાર. આત્માઓ વિશિષ્ટ ઉચ્ચ કોટિની ૪૮ લબ્ધિઓ પણ મેળવે છે.

❖ ૮÷૬ = ૧ ભાગફળ, શેષ-૨. એટલે ૮ કર્મોથી બંધાયેલ આત્મા જો ૬ વ્રતનું પાલન કરે તો ફળ તરીકે વિશુદ્ધ આત્મા કર્મરહિત બની જાય અને મોક્ષ ન મળે ત્યાં સુધી શેષ તરીકે શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મને ટકાવી શકે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં આપેલા કેટલાંક વર્ણો અદ્‌ભુત સંકેતસૂચક છે. જેમ કે-

(૧) ૧૧ आ - ૧૧ અંગના સૂચક
(૨) ૨ क - ૨ કર્મ (ઘાતી-અઘાતી)ના સૂચક.
(૩) ૨ ग - ગુરૂ અને પરમ ગુરૂ-તીર્થંકરના સૂચક
(૪) ૨ च - ૨ ચારિત્ર (દેશ-સર્વ વિરતી)ના સૂચક.
(૫) ૫ ण - (પાંચ પદની શરૂઆતમાં આવતા) ૫ જ્ઞાનના સૂચક.
(૬) ૯ ण - (પદમાં વચ્ચે આવતા) નવ નિધિના સૂચક.
(૭) ૧૪ ण - ૧૪ પૂર્વના સૂચક.
(૮) ૫ प - પંચ પરમેષ્ઠી સૂચક.
(૯) ૯ म - ૪ મંગળ-૫ મહાવ્રત=૯ મહત્વની બાબતના સૂચક.
(૧૦) ૩ य - ૩ યોગની શુદ્ધિના સૂચક.
(૧૧) ૩ र - રત્નત્રયી (જ્ઞાન-દર્શન-ચારિત્ર)ના સૂચક.
(૧૨) ૩ ल - ૩ લોકના સૂચક.
(૧૩) ૮ स - ૮ સિદ્ધિના સૂચક.
(૧૪) ૩ ह - આદિ-મધ્ય-અન્ત્યના મંગળસૂચક છે.

આવી અનેક બાબતો દિવ્ય શક્તિનિધાન શ્રી નમસ્કાર મહામંત્રમાં ભરેલી છે. જે ચિંતન, ધ્યાન અને જાપની શક્તિ, યોગ્ય જ્ઞાની-ગુરૂની

નિશ્રામાં વિકસાવવાથી સ્વતઃ સમજાય છે.

જીવનમાં કર્મની પરંપરાને વધારનાર મિથ્યાત્વ અને વિષય કષાયનો નિગ્રહ તથા આત્મશુદ્ધિ અર્થે કર્મ નિર્જરાનું બળ વધારવા પંચાચારનું વિશુદ્ધ પાલન જરૂરી છે. અનંત શક્તિ નિધાન, આત્મસ્વરૂપની વિશુદ્ધ-ઉચ્ચ કક્ષાએ બિરાજતા પંચ પરમેષ્ઠીઓનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ-ચિંતન-નમસ્કાર આદિ કરવાથી અપૂર્વ રીતે વિશિષ્ટ આધ્યાત્મિક લાભો પ્રાપ્ત થાય છે. તે માટે નીચેનું કોષ્ટક સમજવા જેવું છે.

| પરમેષ્ઠી | વિષય નિગ્રહ | દોષ વિજય | વિશિષ્ટ ગુણ પ્રાપ્તિ |
|---|---|---|---|
| અરિહંત | શબ્દ | મિથ્યાત્વ | જ્ઞાનાચાર |
| સિદ્ધ | રૂપ | લોભ | દર્શનાચાર |
| આચાર્ય | ગંધ | માયા | ચારિત્રાચાર |
| ઉપાધ્યાય | રસ | માન | તપાચાર |
| સાધુ | સ્પર્શ | ક્રોધ | વીર્યાચાર |

શ્રી નમસ્કાર મહામંત્રના વિશિષ્ટ મહિમાને જણાવતાં પૂ. શ્રી રત્નમંડનગણિ મહારાજે શ્રી ઉપદેશ તરંગણિ ગ્રંથમાં જણાવ્યું છે કે ‘આ લોકમાં અને પરલોકમાં ઇચ્છીત ફળને આપનાર અદ્વિતિય શક્તિ સ્વરૂપ શ્રી નમસ્કાર મંત્ર જયવંત વર્તો કે જેના પાંચ પદોને ત્રૈલોક્યપતિ શ્રી તીર્થંકર દેવોએ પાંચ તીર્થ કહ્યા છે.

अरिहंताणं નો अ = अष्टापद તીર્થને સૂચવે છે.

सिद्धाणं નો सि = सिद्धाचल તીર્થને સૂચવે છે.

आयरियाणं નો आ = आबू તીર્થને સૂચવે છે.

उवज्झायाणं નો उ = उज्जयंत = गिरनार તીર્થને સૂચવે છે.

सव्वसाहूणं નો स = समेतशिखर તીર્થને સૂચવે છે.

શ્રી જિનાગમના રહસ્યભૂત અડસઠ અક્ષરોને અડસઠ તીર્થો તરીકે વખાણ્યા છે તેમજ આઠ સંપદાઓ શ્રેષ્ઠ આઠ મહાસિદ્ધિઓ તરીકે વર્ણવી છે.

વિવિધ દૃષ્ટિએ નવકાર મંત્ર : **યોગશાસ્ત્રની દૃષ્ટિએ** નમસ્કારમાં પદસ્થ ધ્યાન માટે પરમ પવિત્ર પદોનું આલંબન છે.

**દ્રવ્યાનુયોગની દૃષ્ટિએ** પહેલાં બે પદો પોતાના આત્માનું જ શુદ્ધ સ્વરૂપ છે. અને પછીના ત્રણ પદો શુદ્ધ સ્વરૂપની સાધક અવસ્થાના શુદ્ધ પ્રતિકરૂપ છે.

**ચરણકરણાનું યોગની દૃષ્ટિએ** સાધુ અને શ્રાવકની સમાચારીના પાલનમાં મંગલ માટે અને વિઘ્ન નિવારણ માટે તેનું ઉચ્ચારણ વારંવાર આવશ્યક છે.

**ગણિતાનુયોગની દૃષ્ટિએ** નવકારના પદોની નવની સંખ્યા, ગણિતશાસ્ત્રના નિયમ પ્રમાણે બીજી સંખ્યાઓ કરતાં અખંડતા અને અભંગતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે તેમજ નવની સંખ્યા નિત્ય અભિનવ ભાવોનું ઉત્પાદન કરે છે.

**ધર્મકથાનુંયોગની દૃષ્ટિએ** અરિહંત આદિ પાંચ પરમેષ્ઠીઓનાં જીવન-ચરિત્રો અદ્‌ભુત કથા સ્વરૂપ છે. નમસ્કારનું આરાધન કરનાર જીવોની કથાઓ પણ આશ્ચર્યકારક ઉન્નતિને દર્શાવનારી છે, સાત્વિક રસોનું પોષણ કરનારી છે.

**ચતુર્વિધ સંઘની દૃષ્ટિએ** નવકારમંત્ર સૌને એક સાંકળે સાંધનારો તથા બધાને સમાન દરજ્જે પહોંચાડનારો છે.

**અનિષ્ટ નિવારણની દૃષ્ટિએ** નવકારનું સ્મરણ અશુભ કર્મોના વિપાકોદયને રોકીને શુભ કર્મના વિપાકોદયને અનુકૂળ બનાવે છે. તેથી નવકારનાં પ્રભાવે બધા અનિષ્ટો ઇષ્ટરૂપે બદલાઇ જાય છે - જેમ કે અટવી મહેલ સમાન, સર્પ ફૂલની માળા સમાન વગેરે બને છે. અહીં એ દૃષ્ટાંત રજૂ કરું છું.

પૂર્વ ભારતવર્ષમાં પોતનપુર નામે નગર હતું. તેમાં ગુપ્તશેઠ નામે એક શ્રાવક રહેતો હતો. તેને ધર્મવતી નામની ગુણવાન, શીલવાન, પતિવ્રતા નારી હતી. તેની કુક્ષીમાં ઉત્પન્ન થયેલી રૂપ-ગુણથી સંપન્ન તથા ધર્મશાસ્ત્રના અભ્યાસવાળી શ્રીમતી નામે એક પુત્રી હતી. તેનું લગ્ન તેજ શહેરના એક શેઠના મદનપાળ નામના પુત્ર સાથે કરેલ હતું. તેના શ્વસુરપક્ષના લોકો અન્ય ધર્મના હોવાથી સૌ તેના પર અભાવ રાખતા હતા. તેનો પતિ તેના પ્રત્યે તિરસ્કાર ભાવ રાખતો હતો, તો પણ શ્રીમતી અચળ શ્રદ્ધાપૂર્વક નિરંતર નમસ્કાર મહામંત્રનું સ્મરણ કર્યા કરતી.

એક વખત તેના પતિને બીજી સ્ત્રી પરણવાનો વિચાર થવાથી તેને મારી નાખવાનો વિચાર કર્યો. એ માટે તેણે એક મજબૂત મોટો ઘડો લઇ એક મદારી પાસે સર્પ મંગાવીને તે ઘડામાં તેને પૂરી ઘડાનું મોઢું બાંધી લઇ અને તે ઘડો ઘરમાં લાવીને યોગ્ય જગ્યાએ મૂક્યો. પછી પોતે સ્નાન કરી દેવસેવા કરવા બેઠો. થોડીવારે શ્રીમતીને આજ્ઞા કરી કે ‘‘ઘરમાં એક ઘડો છે તેમાં પુષ્પ ભરેલાં છે, તો તેમાંથી થોડા લાવી આપ.’’ પતિની આજ્ઞા થતાં શ્રીમતી નમસ્કાર મંત્રના સ્મરણ કરતી તત્કાળ ઘડા પાસે આવી ઘડાનું મોઢું ખોલી જરાપણ શંકા રાખ્યા વગર પુષ્પ લેવા ઘડામાં હાથ નાખ્યો તો સર્પને બદલે પુષ્પો જ હાથમાં આવ્યા. પતિ આશ્ચર્ય પામ્યો. તેણે પણ ઘડામાં સુગંધી પુષ્પો સર્પની બદલે જોયા. પશ્ચાતાપ કરતો શ્રીમતીની ક્ષમા માગવા લાગ્યો. તેણે આ આશ્ચર્યકારી વૃત્તાંત પોતાના પરિવાર તથા ગામ લોકોને જણાવતાં સર્વે લોકો શ્રીમતી તથા જૈન ધર્મ અને નમસ્કાર મહામંત્રનો પ્રભાવ જોઇ પ્રશંસાથી જૈન ધર્મનો સ્વીકાર કર્યો. નમસ્કાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યા. શ્રીમતી આયુષ્ય પૂર્ણ થયે સ્વર્ગમાં ગઇ અને ભવિષ્યમાં મોક્ષે જશે.

શ્રી નમસ્કાર મંત્રના પ્રભાવથી દુષ્ટોની દુષ્ટ ઇચ્છા પણ શુભ ભાવે પરિણમે છે. આવું પરિણામ જોઇને મિથ્યાદર્શીઓ પણ જૈન ધર્મમાં અને નમસ્કાર મંત્રમાં અનુકૂળ મતિવાળા અર્થાત્ શ્રદ્ધાવંત આસ્તિક બને છે. જે આત્માર્થે શુદ્ધભાવથી નવકાર મંત્રનું સ્મરણ કરે છે તે -

**‘ઓગણીસ લાખ ત્રેસઠ હજાર બસેં બાસઠ પલ,**
**ત્યાં સુધી તે ભોગવે નવકાર મંત્રનું ફલ.’**

□□□



# નવકાર મંત્રનો પ્રચંડ પ્રભાવ

સંકલન : હંસા રમેશ મહેતા (નવી મુંબઇ)

## શ્રી નમસ્કાર અવધૂત-'માસ્તર'

ચંદુલાલ એસ. શાહ

શ્રીનમસ્કાર મહામંત્ર પુનિતપાવક દિવ્યાગ્નિ છે. કર્મમળને પ્રજાળીને ભવ્યત્વને પકવે છે, મિથ્યાત્વની માટીમાંથી સમ્યકત્વના ઘટનું સર્જન કરે છે.

અસતમાંથી સતમાં અને તમસમાંથી જ્યોતમાં નિજપ્રભાવે દોરીને લઇ જનાર આ મહામંત્રનું રટણ જેમના રોમેરોમમાં વ્યાપ્ત છે, એવા એક વિદ્યમાન મહાનુભાવની આ નાનકડી જીવંત કથાનું આલેખન કરતાં પરમ આનંદ અનુભવાય છે, નમસ્કારભાવથી મસ્તક ઢળી પડે છે.

**'માસ્તર'** એવા સાડા ત્રણ અક્ષરના નામથી તેઓ ઓળખાય છે. એમને ઓળખનારા બહુ થોડા છે. એ થોડામાંનો મોટો ભાગ તો એમને માટે **'ગાંડો'** એવું વિશેષણ વાપરે છે. કોઇ કોઇ એમને **'ધૂની'** પણ માને છે. એમનાં સ્વજનોનું માનવું છે કે 'આ માણસ ખરેખર ગાંડો છે!' રૂપિયા-પૈસા અને મોહ-માયાની ભ્રામક ઇંદ્રજાળમાં અટવાઇ પડેલાં ચક્ષુઓ દ્વારા બીજું દેખાય પણ શું?

'મને બધા 'ગાંડો' ગણે છે, તે મારો પુણ્યોદય છે, શ્રી અરિહંત પરમાત્માનો મહાન અનુગ્રહ છે, શ્રી નવકાર મંત્રનો કલ્પનાતીત પ્રભાવ છે.' આ શબ્દો તેમના પોતાના છે. એમના વદનમંડલ પર વિલક્ષણ સ્મિત સદા ફરકતું જ હોય છે. કોઇની સાથે નિષ્કારણ સંવાદમાં ઉતરતા નથી. વાતચીત કરવાની એમની રીત પણ વિલક્ષણ છે. એકવાર એમને પૂછ્યું : 'આપની ઉંમર કેટલી?' **'એકસઠ પજૂસણ પૂરાં થઇ ગયાં!'** આ પાંચ શબ્દો સંભળાવીને, હસતા હસતા તેઓ ચાલ્યા ગયા. પાછા બોલાવ્યા, પણ ઊભા જ ના રહ્યા.

પગમાં બૂટ-ચંપલ જિંદગીમાં પહેર્યા નથી. બે ધોતિયાં, બે બંડી, બે પહેરણ અને એક ટોપી. એમનાં વસ્ત્રોમાં આઠમું નંગ કદી જોયુ નથી અને તે પણ પોતાના હાથે જ ધોવાનાં, ધોબીની અસ્ત્રીથી પોતાનાં વસ્ત્ર એમણે કદી દાઝવાં દીધાં નથી. ઘરેણામાં ચાલીસ વર્ષ જૂનું એક ખિસ્સા ઘડિયાળ છે. એમની માફક એમનું ઘડિયાળ પણ કદી માંદું પડ્યું નથી!

માસ્તરગીરી માટે આવશ્યક 'વર્નાક્યુલર ફાઇનલ', એ તેમનો અભ્યાસ. પ્રાથમિક શાળાનાં બાળકોને ભણાવવાં, એ તેમનો વ્યવસાય. સુધરાઇની શાળા હોય કે ખાનગી ઘર શિક્ષણ (ટ્યુશન) હોય, એમના શિક્ષણ કાર્યનો પ્રારંભ હમેશાં પરમાત્માની સ્તુતિ કરાવવાથી જ થાય.

શ્રી નમસ્કાર મહામંત્રનો **'માનસ જાપ'**, એ એક માત્ર તેમનો સાથી અને મિત્ર છે. ત્રીસેક વર્ષ પહેલાંનો પ્રસંગ યાદ આવે છે.

તેમના પગમાં લોખંડની બેડીઓ જડેલી. હાથે દોરડાં બાંધેલાં. પોતાના જ ઘરમાં એક થાંભલા સાથે બંધાયેલા, એમનાં આપ્તજનોના હાથે જ!

'આમનું ખસી ગયું છે, ગાંડા થઇ ગયા છે,' એમ બધાં જ કહે! પણ માસ્તર તો મુંગા મુંગા હસે! બોલે નહિ, ચાલે નહિ, પોતાની નજીક કોઇને આવવા દે નહિ.

માંત્રિકોની અજમાયશ થઇ, તાંત્રિકો ખેલ કરી ગયા, ભુવાઓ ધૂણી ગયા અને દાણા ઉછાળી ગયા! સોળ દિવસ સુધી આ બધી ધમાલ ચાલી એ બધા થાક્યા. આ સોળ દિવસ સુધી અન્ન લીધું નહિ, પાણી પીધું નહિ, મૌન છોડ્યું નહિ.

તેમનાં સ્વજનોને પૂછતાં જાણવા મળ્યુંઃ નાસી ગયા હતા. રેલ્વેની સડકે તારના થાંભલાને ખમાસમણાં દેતા હતા! પંદર માઇલ દૂરથી પકડી લાવ્યા છીએ.' તે વખતે એવો અણસાર આવેલો, કે આ સજ્જન ગાંડા નથી. કશોક અભિગ્રહ હોવો જોઇએ, સત્તરમે દિવસે મૌન છૂટ્યું. લીંબુના રસ મેળવેલા પતાસાના પાણીથી માગીને પારણું કર્યું. ગાંડપણ (?) આપોઆપ જ ચાલ્યું ગયું. પણ 'ગાંડા' હોવાની છાપને તો તે મૂકતું ગયું!

આ પ્રસંગ પછી પચીસ વર્ષ વીતી ગયાં. સાધારણ પરિચય રહ્યા કર્યો, પરિચય વધારવાની કોશિષ તો કરી, પણ જવાબમાં હસે, 'અરિહંત, અરિહંત' એમ બે વાર બોલે અને રવાના થઇ જાય.

ઘેરથી વહેલી સવારે સ્નાનાદિથી પરવારીને નીકળવું, પાંચ મંદિરોમાં શ્રી તીર્થંકર પરમાત્માનાં દર્શન કરવાં, ક્યારેક ક્યારેક ઉપાશ્રયોમાં જઇને સાધુ ભગવંતોને વંદના કરવી, આંબેલશાળામાં જઇને આયંબિલ કરવું, શાળામાં જઇને બાળકોને ભણાવવાં, શાળાનો સમય પૂરો થતાં બે પાંચ મંદિરોમાં દર્શન કરવા, વગર શોધ્યે મળેલાં ટ્યુશન કરવાં અને ઘરમાં પાછા દાખલ થઇ જવું, આ એમનો વર્ષોનો નિત્યક્રમ છે. પોતાનો પરિચય કોઇને આપવાનો નહિ, અન્યની ઓળખાણ ઇચ્છવાની નહિ.

ચારેક વર્ષ ઉપરની વાત છે અણધાર્યા રસ્તામાં જ મળી ગયા.

આવતી કાલે આમ બનશે, પરમ દિવસે ફલાણાને ત્યાં આવું કંઇક થશે' એમ પૂરા સાત દિવસમાં બનનારી સાત ઘટનાઓ એકીસાથે ભાખીને જતા રહ્યા!

આશ્ચર્ય! સાતે સાત દિવસોમાં એમણે ભાખેલી સાતે સાત ઘટનાઓ બની ગઇ! તે પછી પરિચય પણ વધવા લાગ્યો. અવારનવાર પોતે જ આવવા લાગ્યા. ક્યારેક બે મિનિટમાં જતા રહે! ક્યારેક બે કલાક પણ બેસે.

મોઢું તો કાયમ બાંધેલું જ હોય. ઉકાળેલું પાણી પણ ખૂબ આગ્રહ કરાય, તો વળી ક્યારેક વાપરે. એમના જીવન વિશે કશું પણ પૂછ્યું, તો મૌન જ જોવા મળે ક્યારેક વળી ટૂંકો જવાબ આપે : 'સમય પાકશે ત્યારે જીભ બોલશે.'

કશી તમા નહિ, કશી ખેવના નહિ, કાયમ એમની ધૂનમાં જ હોય. અવધૂત જોઇ લ્યો! એકવાર થોડા દહાડા પહેલાં અચાનક આવ્યા.

'કામ આઘું મૂકી દો' બહુવાર બેસાય તેમ નથી. હજુ એક ટ્યુશન બાકી છે એમણે કહ્યું. કલમ અને કાગળને અળગાં કરીને કાન એમને સોંપી દીધા. એમણે જે કહ્યું તેનો સાર આ રહ્યો :

'દસ વર્ષનો હતો ત્યારે એક સાધુ ભગવંતનો મેળાપ થયો હતો. રસ્તા વચ્ચે ઉભો રાખીને તેમણે પૂછ્યું : 'છોકરા, નવકાર ગણે છે?' જવાબમાં કહ્યું : 'મોઢે કર્યો છે' તેમણે કહ્યું : 'ઠીક. દરરોજ ગણ્યા કરજે. ઓછામાં ઓછા એકસો આઠ, રોજ ગણવા. બધી ઇચ્છા પૂરી થશે. જે માગીશ તે મળશે.' બસ, આટલું બોલીને તેઓ ગયા.

'ત્યારથી નવકાર ગણવાની શરૂઆત થઇ. એકસો આઠ તો દરરોજ ગણાય જ, વધારે પણ થાય.'

'ભણીને માસ્તરની નોકરી શરૂ કરી. રગશિયું ગાડું ચાલ્યા કરે. લગ્ન પણ થઇ ગયાં. ધર્મપત્નીને સંતાનની તીવ્ર ઝંખના. બાધા આખડી કર્યા જ કરે મને પણ કંઇને કંઇ બાધાઆખડી રાખવાનું કહ્યા કરે. વર્ષો વીતતાં ગયાં, તેમ એમનો વલોપાત વધતો ગયો.'

'ઉનાળાની રજાઓ હતી. નિશાળ બંધ હતી. સંતાન પ્રાપ્તિ અંગે દરરોજ ઘરમાં ખટપટ ચાલ્યા કરે. અનેક દેવ-દેવીઓના પ્રભાવની વાતો થાય. દસેક માઇલ દૂર એક દેવીનું મંદિર હતું. એમની અમુક પ્રકારે બાધા રાખવાથી અવશ્ય સંતાન પ્રાપ્તિ થાય છે, એવું કોઈકે કહેલું. એ બાધા પુરુષે જ રાખવાની હતી. આ અંગે મારા ઉપર દબાણ આવવા માંડ્યું. પત્નીનો હઠાગ્રહ લગભગ અસહ્ય બની ગયો.'

'હું ચલિત થઇ ગયો દાંતમાં તરણું ભરાવીને મારે જવું જ પડ્યું. જિંદગીમાં રેલગાડીમાં કે મોટરબસમાં આજ સુધીમાં ભાગ્યે જ બાર પંદર વખત બેઠો હોઇશ. ચાલતા જ જવા આવવાની આદત, અને તે પણ ઉઘાડા પગે.'

'હું તો ચાલ્યો! પણ મનમાં ગડમથલ શરૂ થઇ ગઇ. 'પંચ પરમેષ્ઠી ભગવંતોનો હું ઉપાસક, અન્ય દર્શની દેવ-દેવીઓ પાસે જાઉં? અને તે પણ સંતાનની ભીખ માગવા?' આખા રસ્તે આ મંથન ચાલ્યા જ કર્યું.

'પત્નીનો હઠાગ્રહ મને પાછળથી ધક્કા મારી મારીને ચલાવતો હતો. શ્રી નવકાર મંત્ર ઉપરની મારી શ્રદ્ધા મને પાછા ફરવાનું કહી રહી હતી. દેવીના મંદિરના પગથિયાં સુધી પહોંચેલો હું પાછો વળી ગયો. નવકાર ગણતો ગણતો ગયો હતો, નવકાર ગણતો ગણતો જ પાછો ફરી ગયો.

'ઘેર આવ્યો, ને પત્નીએ પૂછ્યું : 'જઇ આવ્યા?'

'એક વરસમાં પુત્રનો જન્મ થશે.' કશાયે વિચાર વગર મારા મોઢામાંથી આ શબ્દો નીકળી ગયા.

'કહી તો દીધું. પણ પછી મુંઝાયો. એક વરસમાં બોલ ફળશે નહિ, તો શું થશે?' આ વિચાર તરત જ આવ્યો.

'હું તો ઉપડ્યો, શ્રી પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં. તમારા ભરોસે મેં વચન આપ્યું છે. હવે તમે જાણો!' આટલા શબ્દો મેં પ્રભુજીની મૂર્તિને કહી દીધા. પછી બેઠો નવકારવાળી ગણવા.

'અંતરિક્ષમાંથી કોઇ બોલતું હોય એવો ભાસ થયો. સાત રવિવાર ભરી જજે. સાતસો છપ્પન નવકાર ગણી જજે.' આ શબ્દો સંભળાયા.

'તે પછી સાત રવિવાર નિયમિત ભર્યા. દર રવિવારે ત્યાં જઇને એક બાંધી નવકારવાળી હું ગણી આવતો.'

'ભગવાનનું વચન તો ફળ્યું. પણ મારા દિલમાં ખૂબ ખેદ થઇ ગયો. આનંદને બદલે અફસોસથી અંતઃકરણ ભરાઇ ગયું.'

'મને એમ થયું, રે મૂર્ખ, ભગવાન પાસે આ તું શું માગી આવ્યો? જે માગે તે આપવાને સમર્થ એવા નવકાર મંત્રનું શરણ મળ્યું, પ્રભુનો અનુગ્રહ પ્રાપ્ત થયો અને માગી માગીને પુત્ર માગ્યો? મોક્ષને બદલે બંધન માગ્યું? ભારે મોટી ભૂલ થઇ ગઇ એમ લાગ્યું.

'ત્રણ દિવસ અને ત્રણ રાત, આ અફસોસ એવો તો આકરો થઇ પડ્યો, કે હું શૂનમૂન બની ગયો. ખાવા-પીવાનું વિસરી ગયો. વગર પચ્ચખ્ખાણનો અઠ્ઠમ થઇ ગયો. બસ, નવકાર ગણ્યા કરું.'

'નાનપણમાં મળેલા તે સાધુ ભગવંત મને અચાનક યાદ આવ્યા. વીસેક માઇલ દૂર, એક નાના ગામમાં તેઓ છે, એવો ભાસ થયો. ચોથે દિવસે પરોઢિયે કોઇને કહ્યા કારવ્યા વગર જ ઉઠીને મે ચાલવા માંડ્યું.'

'વીસ માઇલ ચાલી નાખ્યું. ત્યાં ગયો, તો તેઓશ્રી ત્યાં ઉપાશ્રયમાં જ હતા! એમના ચરણમાં હું તો આળોટી પડ્યો અને રડવા લાગ્યો. મારું દુઃખ એમની પાસે વ્યક્ત કર્યું.

'મહારાજ, આપે મને ચિંતામણિ રત્ન આપેલું, તેનો મારાથી દુરૂપયોગ થઇ ગયો છે.' મેં તેમને કહ્યું. મારા મસ્તક ઉપર તેમણે વાસક્ષેપ નાખ્યો અને કહ્યું :

'જા, સોળ ઉપવાસ કર, સોળ દિવસ મૌન રાખજે અને પછી પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં બીજા સાત રવિવાર ભરજે, સાતસો છપ્પન નવકાર ફરીથી ગણી આવજે. પણ આ વાત ત્રીસ વર્ષ સુધી કોઇને કરીશ

નહિ.' 'મારા મનનું સમાધાન થઇ ગયું. સોળ ઉપવાસનાં અને સોળ દિવસ મૌનનાં પચ્ચક્ખાણ મેં ત્યાં જ લઇ લીધાં. પછી પાછો ત્યાંથી ઉઠ્યો અને ઘર તરફ ચાલવા માંડ્યું.'

'રસ્તામાં ઠેકઠેકાણે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાનાં દર્શન થવા લાગ્યાં. જ્યાં દર્શન થાય, ત્યાં હું તો ખમાસમણાં દેવા લાગી જાઉં. આવી રીતે એક સ્થળે ખમાસમણાં દેતો હતો, ત્યાં મારા મોટાભાઇ અને સંબંધીઓ મને મળ્યાં. એ બધાં મને શોધવા નીકળ્યાં હતાં.'

'અલ્યા માસ્તર, ક્યાં ગયો હતો?' મને પૂછ્યું. 'હું શો જવાબ આપું? મૌન અને ઉપવાસનાં પચ્ચક્ખાણ તો લઇને આવ્યો હતો. એમણે મને પકડ્યો. રસ્તામાં પ્રતિમાજીનાં દર્શન થતાં જ રહ્યાં અને હું ખમાસમણાં દેતો જ રહ્યો. ઘેર આવ્યા પછી પણ મારાથી બોલાય તેમ તો હતું જ નહિ, ઘરનાં લોકોના મનમાં નક્કી થઇ ગયું કે 'આનું છટકી ગયું!'

'એ સોળ દિવસ મારી ખૂબ કપરી કસોટી થઇ. જબરજસ્તીથી ખવડાવવાના ને પીવડાવવાના પ્રયાસો થયા. પગમાં લોખંડની બેડીઓ પડી. હાથે દોરડાં બંધાયાં. થાંભલા સાથે મને તાણી બાંધ્યો. ભુવા આવ્યા ને ધૂણી ગયા!' મંત્રતંત્રવાળા પણ આવી ગયા! હું નવકાર ગણતો રહ્યો અને ચૂપ બેસી રહ્યો. મારપીટ પણ થઇ, ચાબુકનો માર પણ ઝીલ્યો. મને હસવું આવે, હું હસ્યા કરું. મનમાં એમ થાય કે કર્મની કઠીનાઇ પણ ખરી ઉદયમાં આવી છે! ત્રણ ઉપવાસ આગળના હતા. બીજા સોળ કરવાના હતા. આ બધી ધમાલ અને મારપીટની વચ્ચે વગર બોલ્યે ઉપવાસ તો મેં પૂરા કર્યા પાણીનું ટીપુંયે લીધું નહિ.

'કુલ ઓગણીસ ઉપવાસ થયા. એ દરમિયાન મારા મનની કાયા પલટ થઇ ગઇ. પચ્ચક્ખાણ પછી સત્તરમે દિવસે મેં માગીને લીંબુનો રસ અને પતાસાનું પાણી લઇ પારણું કર્યું. તે દિવસથી હું ગાંડામાં ખપું છું. મને એનો રંજ નથી, આનંદ છે.'

'તે પછી, પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં મેં ફરીથી સાત રવિવાર ભર્યા.'

સાતમે રવિવારે ફરીથી અંતરિક્ષમાંથી અવાજ આવ્યો : 'પાંચ વ્રત ઉચ્ચરી લે.'

ત્યાં ને ત્યાં જ મેં મનથી નિશ્ચય કરી લીધો. એ વાતને આજે બત્રીસ વર્ષ થયાં. ઉંમર તે વખતે ઓગણત્રીસ વર્ષની હતી. વિઘ્નો તો પાર વગરનાં નડ્યાં છે, પણ શ્રી વીતરાગ પરમાત્માની કૃપાથી વ્રતભંગ થવાયું નથી.

'વ્રતભંગ કરાવવા માટે પ્રયાસો પાર વગરના થયા. ધાક-ધમકીને દબાણ તો જેને દાનવી કહી શકાય, તેવું આવી પડેલું. ખાવા ન આપે, ડગલે ને પગલે મુસીબતો ઊભી કરે, નિશાળે ભણાવવા જાઉં, તેનો પગાર આવે, તે પાઇએ પાઇ લઇ લે. આવું બધું ઘણું થવા માંડ્યું.'

'ખાવા આપવાનું બંધ કર્યું, એટલે મેં આયંબિલ શરૂ કરી દીધાં. આમેય આયંબિલનો મહાવરો તો હતો જ. આંબેલશાળામાં જઇને આયંબિલ કરી આવું અને ખુશખુશાલ રહું. છટ્ઠ અટ્ઠમ ને ઉપવાસ પણ કરું. આઠ ઉપવાસ પણ કેટલીયે વાર કર્યા છે. પણ એ વિશે કોઇને કશું કહેવાનું નહિ. અનુકૂળતા મળે, તો એકાસણું કે બેસણું પણ કરી લઉં, પણ એવી અનુકૂળતા ઓછી મળે, મોટે ભાગે તો આયંબિલ જ થાય છે.'

'નવકાર મંત્રનું રટણ તો હવે ચાલુ જ રહે છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાનાં દર્શન તો જ્યારે અને જ્યાં ઇચ્છું ત્યાં થાય છે. બનનારા બનાવોની આગાહી પણ થઇ જાય છે. સદ્ભાગ્યે બધા મને 'ગાંડો' ગણે છે, એટલે હવે બીજો કોઇ ત્રાસ રહ્યો નથી.'

એક પુત્ર તો થયો. ભણ્યો, પરણ્યો, સારું રળે છે. એને પણ બાળકો છે. ધંધાર્થે તે બહારગામ રહે છે. પુત્ર-પૌત્રાદિ સંગે પુત્રની માતા પણ આનંદ કરે છે. મને હવે એમનામાં કે બીજા કશામાં ખાસ રસ રહ્યો નથી. એમનો મારામાંનો રસ મારા પગાર પૂરતો જળવાઇ રહ્યો છે! મને એ વાતનું હસવું આવે છે. દેવું ચૂકવવાનું છે, તે ચૂકવું છું. પગાર, જે શાળામાંથી આવે છે, તે તેમને બારોબાર મોકલી દઉં છું. ટ્યુશનના પૈસા પૂરતા થઇ રહે છે. અંગત ખર્ચ તો કશો ખાસ છે નહિ. જુના ભાડાનું ઘર છે, નવ રૂપિયા ભાડું છે. સાબુ, હજામત વગેરે મળીને બેથી અઢી રૂપિયા જેટલું માસિક ખર્ચ થાય છે. બે ઝભ્ભા, બે બંડી, બે ધોતિયાં ને એક ટોપી એક વરસ ચાલે છે. ક્યાંય જવું આવવું પડે એવું ખાસ રાખ્યું નથી. પંદર-પંદર માઇલ જવાનું હોય, તો ઉઘાડા પગે ચાલી નાખવામાં બહુ આનંદ આવે છે. દર ત્રણ મહિને ટ્યુશનમાંથી બચેલા પૈસા વગર નામે આંબેલશાળામાં પહોંચાડી દઉં છું. મસ્ત રહું છું.

'સંતોષ અને આનંદથી ચિત્ત ભર્યું ભર્યું રહે છે. પગારના દિવસ સિવાય મારા ખિસ્સામાં ચાર આનાથી વધારે ભાગ્યે જ કોઇને જોવા મળે. શ્રીનવકાર મંત્રનો આ મહા પ્રતાપ છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનનો અગમ્ય અનુગ્રહ છે.'

'સૌથી મોટું સુખ તો 'જાતે નર્યા'નું છે. કદી માંદગી આવી નથી. કદી માથું સરખું પણ દુઃખ્યું નથી. દવાની ગોળી કે પડીકી જિંદગીમાં કદી ખાવી પડી નથી.' 'આ મારી વાત. તે તમને કહી લખીને ક્યાંય છપાવવું હોય તો છપાવજો, પણ નામ ઠામ આપવાની કે કોઇને ઓળખાણ કરાવવાની કડાકુટમાં પડશો નહિ. તમારા ઉપર વિશ્વાસ આવ્યો, એટલે આટલી વાત કરી છે.'

'તમારે જે સમજવું હોય તે સમજજો, મારી સમજણ તો બહુ નાની અને ટૂંકી છે. તે એ કે શ્રી વીતરાગ પરમાત્માનું શાસન શાશ્વતું છે, એમની કરુણા અને કૃપા અપરંપાર છે, એ મેળવવાનું સાધન નવકાર મંત્ર છે અને સાતમે ભવે મોક્ષ છે.'

આટલી વાત કરીને નમસ્કાર મહામંત્રના એ અવધૂત મહાનુભાવ માસ્તર ઊભા થઇ ગયા, સડસડાટ ચાલ્યા ગયા.

મનોમન વંદન કરીને મેં બાર નવકાર ગણ્યા. □□□




# તક્તીનું આયુષ્ય કેટલું?

**પન્નાલાલ ખીમજી છેડા (મુંબઇ)**

દર શનિવારે **'મુંબઇ સમાચાર'**માં પ્રસિદ્ધ થતી **શ્રી ધીરજભાઇ રાંભિયા** લિખિત **'જન જાગે તો જ સવાર'** કોલમમાં પ્રસિદ્ધ થયેલ ઘટના પરથી મારા મનમાં ઉદ્ભવેલ પ્રશ્નને અહીં વાચા આપવાનો પ્રયત્ન કરું છું. આશા રાખું છું કે, વાચકો આ પ્રશ્ન પર તેમનું મંતવ્ય દર્શાવશે.

સ્પષ્ટતા કરું છું કે, શ્રી ધીરજભાઇના લેખમાં ભોરારાના શ્રી ચુનીલાલ ભીમશી છેડાએ માગેલા તેમના અધિકાર સંબંધે લખવાનો મારો હેતુ નથી, એ પરિવાર મારા સ્નેહીજનો છે.

ભોરારા ગામની શાળા પરથી રંગકામ થતી વખતે તેમના વડીલોનું ભૂંસાઇ ગયેલું નામ અને ધરતીકંપ પછી જર્જરિત થઇ ગયેલ શાળા નવી બનાવવામાં આવી ત્યારે મજકૂર શાળા પર મૂળ દાતાના નામની તક્તી લગાડવામાં ન આવી એ માટે માહિતી અધિકાર કાયદા ૨૦૦૫ અન્વયે તેમણે ચલાવેલી લડત પરથી દાનની તક્તીનું આયુષ્ય કેટલું હોવું જોઇએ? કેટલું હોઇ શકે? દાતા કે સમાજને કેટલું સ્વીકાર્ય હોઇ શકે તે વિશે આજની પરિસ્થિતિ અને સમયના સંદર્ભમાં ઉદ્ભવેલ વિચારો અહીં દર્શાવું છું.

ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, તબીબી વગેરે અનેક ક્ષેત્રોમાં ઉદારચિત દાતાઓ પોતાનું દ્રવ્ય અર્પણ કરી, કીર્તિદાનની ઇચ્છાએ સ્વજનોના નામને ચિરંજીવ બનાવવાનો સંતોષ મેળવે છે. સામાજિક દૃષ્ટિએ આ વિચાર અયોગ્ય ન ગણાય. એવી જ રીતે સંસ્થાઓએ નક્કી કરેલ રકમનું દાન આપી ઇચ્છિત તિથિઓ લખાવે છે.

આ બન્ને પ્રકારોમાં દાનનું સ્વરૂપ સરખું છે. ભારતમાં હજારો વર્ષ જૂના મંદિરો અસ્તિત્વમાં છે. આ મંદિરોનું નિર્માણ કરનારાઓના નામ ઇતિહાસમાં કંડારાયેલા હોઇ આજ દિવસ સુધી એ મંદિરો તેના નિર્માણદાતાઓના નામથી ઓળખાય છે, જેમ કે, વસ્તુપાળ-તેજપાળના દે'રાં, વગેરે. બીજી બાજુ સ્થળ કે તીર્થંકર ભગવંતોના નામથી પ્રસિદ્ધ થતાં દેરાસરો જેમકે, રાણકપુર, પાવાપુરી, શંખેશ્વર પાર્શ્વનાથ, અંતરિક્ષ પાર્શ્વનાથ, ગોડીજી પાર્શ્વનાથ વગેરે વગેરે.

સદીઓ જૂના આ મંદિરોને જ્યારે કાળની થપાટ પડે છે અને આ મંદિરોના જીર્ણોદ્ધારની જરૂર પડે છે ત્યારે દેરાસરોમાં સંચિત થયેલું દેવદ્રવ્ય વહારે આવે છે. ભાવિકોની શ્રદ્ધા અને પૂજ્યભાવને કારણે મળતું દાન ઉપયોગી બને છે અને જીર્ણોદ્ધાર પામેલું મંદિર જૂના નામે ઓળખાતું રહે છે.

અહીં દેવદ્રવ્ય અને શ્રદ્ધાભાવ ઉપયોગી બન્યાં. હવે શાળા, કૉલેજ, હોસ્પિટલ, અતિથિગૃહો, ઉપાશ્રયો, જ્ઞાનમંદિર, ચબુતરા, પરબ અને તેવા સ્થળ કે સંતોના નામ ધરાવતી સામાજિક કે ધાર્મિક સંસ્થાઓના પુનઃનિર્માણનું શું?

**જે સંસ્થાઓના નામ સાથે સ્થળ, સંત કે કોઇ વિચારધારાનું નામ જોડાયેલું હશે તેનું પુનઃ નિર્માણ તો લોકશક્તિ દ્વારા શક્ય બનશે પણ જે સ્થળની સાથે કોઇ દાતાનું નામ જોડાયેલું હશે તે સંસ્થાની પુનઃસ્થાપના હવે કોણ કરશે?** કોઇ પણ નવા દાતા માતબર દાન આપશે તો એ પોતાનું નામ રાખવાનો આગ્રહ રાખશે, એ આગ્રહ પણ ઉચિત હશે. આવા સમયે જીર્ણતા પામેલા સ્થળ કે તે સંસ્થાની ઉપયોગિતા અને જરૂરિયાતના ધોરણે મેળવાતાં દાન સિવાય એનો કોઇ ઉપાય નહિ હોય.

આવું જ બને છે તિથિઓ વિશે. જૈન સમાજમાં વિવિધ સ્થળોએ દરરોજની, આઠમ-ચૌદસ કે પક્ષની, જિનાલયોમાં વિવિધ પૂજાઓની કે ભોજનાલયોમાં ભોજનની કાયમી તિથિઓની રકમ નક્કી થાય છે. જે જે સમયે આવા દાનની રકમ નક્કી થતી હોય તે તે સમયે એ રકમ યોગ્ય ગણાય છે, પરંતુ સમય જતાં રૂપિયાનું મૂલ્ય ઘટી જાય, **મોંઘવારી વધી જાય ત્યારે જૂના સમયનો રૂપિયો નાનો બનતો જાય છે.**

**જે વિસ્તારમાં ધર્મની પ્રભાવના વધી જાય ત્યારે તે સમયે લખાવેલા નાણાનું-રકમનું મહત્ત્વ અત્યંત નજીવું બની જતાં તે તે પ્રવૃત્તિઓ માટે સહાયક દાતાઓ શોધવા પડે છે. અથવા તો મૂળ દાતા કે તેમના પરિવારજનોને અગાઉ આપેલી રકમમાં વધારો કરવા વિનંતી કરવી પડે છે.**

શક્ય છે કે, એ સમયે દાતાના પરિવારજનોની સ્થિતિ કે સંજોગો મૂળ રકમમાં વધારો કરી શકે તેવી ન હોય, દાતાના પરિવારજનોનું તે પરિસરમાં અસ્તિત્વ જ ન હોય કે પછી બરોબર હોવા છતાં મૂળ રકમના દાનમાં વધારો કરવા ડાંડાઇ કરતાં હોય તો શું કરવું? એકાદ કિસ્સામાં કોઇ ધાર્મિક સંસ્થાએ મૂળ દાતાને જણાવ્યા વિના સહાયક દાતાનું નામ લખતાં, મૂળદાતાએ સંસ્થાને ન્યાયાલય ભણી ઘસડી ગયાનો દાખલો

પણ સાંભળવા મળ્યો છે.

અનેક વિદ્યાલયો, શાળા કે મહાશાળામાં પ્રથમ કક્ષાએ પાસ થતાં વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક કે રજતચંદ્રક માટે વર્ષો પૂર્વે દાતાઓએ કાયમી દાન આપ્યું છે. મેં કોઇક અહેવાલમાં વાંચ્યું હતું કે આપણા એક સુપ્રસિદ્ધ વિદ્યાલયમાં લગભગ સોએક વર્ષ પહેલાં મેટ્રિકમાં પ્રથમ આવનાર છાત્રને એક તોલાનો સુવર્ણચંદ્રક આપવા માટે તે સમય પ્રમાણે એક દાતાએ કાયમી દાન આપેલ. એ સમયે સોનાનો ભાવ કદાચ દસ રૂપિયે તોલાનો હશે. વર્ષો સુધી કાયમી રકમના વ્યાજમાંથી સુવર્ણચંદ્રક જરૂર અપાયો હશે, સ્વાભાવિક છે કે આજે એ વ્યાજની રકમમાંથી ઝવેરી બજાર સુધી પહોંચવાનું બસ ભાડું પણ નીકળતું નહિ હોય.

લગભગ સાત-આઠ વર્ષ પહેલાં આપણા મૂર્ધન્ય ધર્મચિંતક, મારા ગુરુવર્ય **ડો. રમણલાલ ચી. શાહે** મહાવીર જૈન વિદ્યાલયની વિવિધ શાખાઓમાં પ્રથમ ક્રમાંકે આવનાર છાત્રોને પાંચ રજતચંદ્રકો માટે કાયમી દાનની રકમ જાહેર કરેલ. આ ચંદ્રકો બનાવવા માટે તેમણે મને કહેલ ત્યારે સ્વાભાવિક રીતે મારી સાથે તેમની ચર્ચા થતાં એમણે દાનની રકમ મને જણાવી હતી. વર્ષો પછી આ રકમ પર્યાપ્ત થશે કે કેમ તેવી શંકા વ્યક્ત કરી આ વિષયમાં સાહેબ સાથે ઉપરોક્ત બાબતની ચર્ચા પણ કરી હતી. ફળસ્વરૂપ બીજે જ દિવસે મને ફોન કરી તેમણે જાહેર કરેલી રકમમાં બીજા એક લાખ રૂપિયા ઉમેર્યાની મને જાણ કરી હતી.

આજે પૂ. રમણભાઇ તો હયાત નથી પણ, હું માનું છું તેમ કૂદકે ને ભૂસકે વધતાં જતાં ચાંદીના ભાવ તેમણે આપેલી કાયમી રકમના વ્યાજમાંથી નિશ્ચિત કરેલા વજનના ચંદ્રકો તો નહિ જ બનાવવા મળે. જેમ મોંઘવારી વધે તેમ હરીફાઇને કારણે હોટલવાળા જૂના ભાવમાં ઇડલી તો બનાવી આપે પણ તેનું કદ અને વજન તો ઘટી જ ગયું હોય તેમ સંસ્થાઓને પણ ન છૂટકે આવા અખતરા કરવાની જરૂર પડશે.

ઉપરોક્ત દૃષ્ટાંતો દ્વારા સુનામી, વાવાઝોડું કે ધરતીકંપ વગેરે આસમાની સુલતાની થતાં વર્ષો સુધી ટકેલું બાંધકામ ધરાબોળ થઇ જાય કે સમય જતાં અત્યંત જીર્ણ થઇ જાય કે પછી મોંઘવારી વગેરેને કારણે નાણાનું કદ ઘટી જાય તે માટે **સંસ્થાઓએ દાતા દ્વારા અર્પણ થયેલાં દાન વિશે અરસપરસ યોગ્ય લખાણ કરવું જોઇએ. સમાજે પણ દાન લેતી વખતે આવનારા સમયનો ખૂબ લાંબો વિચાર કરવો જોઇએ.**

જ્યારે દાતા દાન જાહેર કરે છે ત્યારે સંસ્થા માટે તો તે સમયનું વરદાન બની રહે છે. બન્નેની પ્રતિષ્ઠામાં વધારો કરનારું બની રહે છે. આવા સમયે વર્ષો પછી બદલનારા સંજોગોમાં સંસ્થાના અનુગામીઓ કે વપરાશકારો માટે તે દાન ફળીભૂત રહેશે કે કેમ તેનો વિચાર કરવો જોઇએ.

આ પ્રશ્ન કઇ રીતે હલ થઇ શકે તેનો વિચાર કરીએ;

**પ્રવૃત્તિ સાથે ઈમારત પર નામ આપવા માટે જ્યારે દાતા વચન આપે ત્યારે તેમાંથી નિર્માણ થનારી ઈમારતનું અસ્તિત્વ જ્યાં સુધી રહે ત્યાં સુધી જ દાતાના નામની તક્તી મજકૂર જગ્યા પર રહે. અલબત્ત, સમયોચિત સમારકામ વગેરે સંસ્થા કરે પણ અંતે તો એક દિવસ જર્જરિત બની ખંડેર બની જાય ત્યારે ઈમારત કે પ્રવૃત્તિની તક્તીનો અધિકાર પૂરો થયેલો ગણાય.**

અહીં કવિ **'તેજ'**ની કચ્છી બોલીમાં લખેલી બે પંક્તિ યાદ આવે છે;

**'ગજધરે ચ્યાં અસીં મકાન નેઢું બંધીબો,**
**એ સોંણી ખંઢેર ખેંલી પ્યા.'**

અર્થાત્ 'સ્થપતિઓએ કહ્યું કે અમે ઈમારત મજબૂત બાંધશું એ સાંભળીને ખંડેરો હસી પડ્યાં.'

હજી ઉદ્ઘાટનની શાહી પણ ન સૂકાઇ હોય અને **કુદરતના કોપને કારણે નવી નક્કોર ઈમારત પણ ભાંગીને ભૂકો થઇ જાય એવા સમયે પણ દાતાની તક્તીનો અધિકાર ત્યાં પૂરો થઇ જાય.**

ઉપર મુજબ કોઇ પણ ઘટના સર્જાય અથવા પ્રવૃત્તિઓ માટે નવી ઈમારતનું નિર્માણ થાય એ સમયે મૂળ દાતાનું દાન, હેતુ વગેરેનો લોકોને ખ્યાલ આવે તે માટે નવી ઈમારતમાં **જૂના દાતાના નામની તક્તી, પ્રવૃત્તિના ઈતિહાસ સાથે યોગ્ય સ્થળે પ્રદર્શિત થાય તેવો સમજૂતી કરાર સંસ્થા અને દાતા વચ્ચે થવો જોઇએ.**

મજકૂર કરારમાં દાનની અપીલ, હેતુ, શરતો, સંસ્થાકીય માન્યતાઓ ઉપરાંત તેમાંથી ફલિત થતા મુદ્દાઓ વગેરે વિષયોનો તેમજ ઉપર દર્શાવેલ સંજોગોમાં મૂળ દાતાના દાનનો ગૌરવપૂર્ણ ઉલ્લેખનો સમાવેશ થઇ જવો જોઇએ જેથી ભવિષ્યમાં કોઇપણ સમયે મડાગાંઠ ઊભી થાય ત્યારે પ્રશ્નનો નિવેડો હાથવગો અને સરળ બની રહે.

દાતા પોતાના દ્રવ્ય વડે મકાન વગેરેનું નિર્માણ જાતે કરી આપે ને સંસ્થાને અર્પણ કરે, એવી જ રીતે **એમાં રાચરચીલું, ઉપકરણો વગેરેના દાતા જુદાં જુદાં હોય ત્યારે દાનની જાહેર અપીલમાં અને સમજૂતી કરારમાં આ મુદ્દાઓનો ઉલ્લેખ થવો જોઇએ.**

અતિથિગૃહો, શાળા-કૉલેજમાં રાચરચીલું કે ઉપકરણોના દાતાઓની તક્તીઓ જુદી આપવામાં આવે છે. **અતિથિગૃહમાં પલંગ, ખુરશી કે કબાટ જેવી ચીજોનું આયુષ્ય કેટલું? બહુ બહુ તો દસ વર્ષ.** જ્યારે એ રાચરચીલું ભંગારમાં વેચાવા જેવું થાય **ત્યારે નવા રાચરચીલા માટે બીજા દાતાની તક્તી લગાડી શકાય. આવા સંજોગોના કારણે જૂના દાતાનું નામ યોગ્ય જગ્યાએ ખસેડાઇ જાય તેનો વાંધો મૂળ દાતાને હોવો ન જોઇએ.** વિકલ્પે જો તે જ દાતા ફરી બધું રાચરચીલું વસાવી આપે તો તક્તી ઠેરની ઠેર રહે એ યોગ્ય ગણાય.

તિથિઓના દાતા માટે નિશ્ચિત કરેલી રકમના વ્યાજમાંથી જ્યારે પૂરું ન થાય ત્યારે સંસ્થા ફરી તે તિથિ માટે નવી રકમ જાહેર કરે. મૂળ દાતા જો પોતે આપેલી રકમમાં ઘટતી રકમનો ઉમેરો કરી આપે તો તે તિથિ ફરી તેમની જ ગણાય; પણ જો તેમ થવું શક્ય ન હોય તો **'સહાયક દાતા' લેવાનો અબાધિત અધિકાર સંસ્થાને રહે તેવી સ્પષ્ટ વાત દાનની અપીલમાં થઇ જવી જરૂરી છે.** આશા રાખીએ કે આજનો ભણેલ ગણેલ

દાતા આ વાતનો વિરોધ નહીં કરે.

ઉપરની બન્ને કલમોમાં મૂળ દાતાએ અર્પણ કરેલા દાનનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર થયેલો હોય અને **સંજોગવશાત નવા દાતાની તક્તી લાગવાની હોય ત્યારે જૂની તક્તીઓ યોગ્ય જગ્યાએ પ્રદર્શિત થાય તેવી રીતે લગાડવી જોઇએ જેથી મૂળ દાતાના હૃદયમાં કે તેમના વારસોમાં સંસ્થાનું સ્થાન જળવાઈ રહે.**

દરેક કાળા વાદળને રૂપેરી કોર હોય છે તેમ હજારો દાતાઓમાંથી એકાદ દાતા મુઠ્ઠી ઊંચેરા પણ મળી આવે છે. તેનું દૃષ્ટાંત આપીશ. શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઇએ પાલીતાણા બજારમાં સ્થિત તેમની માતુશ્રી પુરબાઇ ધર્મશાળા અનિવાર્ય સંજોગોને કારણે વેચી. ભરબજારમાં આવેલી ધર્મશાળા કોઇ ધર્મશીલ વ્યક્તિ સારા હેતુઓ માટે લે એવી ટ્રસ્ટીઓની ઇચ્છા બર આવે તેવી ઘટના બની.

કચ્છના સુથરી ગામના વતની અને હાલે વરલી રહેતા **શ્રી રાયચંદભાઇ ધરમશી**એ આ ધર્મશાળા સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ માટે ખરીદી, તેના પર પુષ્કળ ખર્ચો કરી અનેક સુવિધાઓ વધારી. સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચમાં ક્યાંય ખામી ન રહે તેની પૂરેપૂરી કાળજી લીધી.

આશ્ચર્યની વાત તો એ હતી કે મબલખ રકમનો ખર્ચ કરી ઉત્તમ હેતુ માટે લીધેલી **માતુશ્રી પુરબાઇ ધર્મશાળાનું તેમણે નામ ન બદલ્યું, માતુશ્રી પુરબાઇની મોટા કદની તસ્વીર નવી બનાવીને મૂળ સ્થાને રાખી, એટલું જ નહિ, ધર્મશાળાના તમામ ઓરડાઓની બહાર મૂકેલી, અત્યારે મામુલી ગણાય તેવી રકમોના દાનની તક્તીઓ ત્યાં જ રહેવા દીધી. આમ એક સાચા દાતા અને શ્રાવક ધર્મનું તેમણે નિષ્ઠાપૂર્વક પાલન કર્યું;** કદાચ આવા મહાન દાતાઓને કારણે જ જૈન ધર્મની અદ્‌ભુત અને વિશિષ્ટ પ્રભાવના થતી રહી છે.

**વાત કરીએ પ્રવૃત્તિના દાનની,** અનેક સંસ્થાઓમાં ધાર્મિક, શૈક્ષણિક, તબીબી, જીવદયા વગેરેની પ્રવૃત્તિઓ થતી હોય છે. જો સારું દાન મળે તો નિર્ધારિત પ્રવૃત્તિનો વિકાસ થાય, સંસ્થા અને દાતા યશસ્વી બની રહે તે દૃષ્ટિએ તેમના દ્વારા થતી **ચોક્કસ પ્રવૃત્તિને કાયમી દાન આપનારા દાતાનું નામ યાવત્‌ચંદ્રદિવાકરો પ્રવૃત્તિ સાથે જોડાયેલું રહે તેવું દાન મેળવે.**

આ દાનની તક્તીમાં એક વિશિષ્ટતા છે, સતત ચાલતી પ્રવૃત્તિઓનું ઉર્ધ્વારોહણ થતું હોય છે. લોકજીભે તે પ્રવૃત્તિના નામ સામે દાતાનું નામ જોડાઇ જાય છે. અહીં સ્થળ, સમય કે સંજોગોનું મહત્ત્વ નથી તેમ છતાં સમજુતી કરાર (MOU)માં દાતાનું યોગ્ય પ્રતિનિધિત્વ કે એકમેકને માન્ય રહે તેવી શરતો જરૂર હોઇ શકે છે તેમ કરવું ઉચિત પણ છે.

પ્રતિનિધિત્વની વાત કરીએ છીએ ત્યારે લાંબો વિચાર કરવો પડે છે. વ્યક્તિ શાશ્વત નથી હોતી જ્યારે સંસ્થાઓ દીર્ઘજીવી હોય છે. સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓમાં દાતાનું પ્રતિનિધિત્વ સંસ્થાના કદ અને પ્રવૃત્તિના પ્રમાણમાં કદાચ ઓછું અસરકારક હોય તેમ છતાં મૂળ દાતા તેની સાથેના સમજૂતી કરારમાં સંસ્થાનું હિત જાળવી સમય અને સંજોગો પ્રમાણે તેનું ઉત્તરદાયિત્વ પોતાના પરિવારની યોગ્ય વ્યક્તિને સોંપે તે જરૂરી છે. જો કે આ પ્રશ્નનો ઉકેલ કાળબળ પ્રમાણે અનિશ્ચિત જ રહેવાનો.

દૂરંદેશી દાતા કર્મ સંજોગોની ગતિને ખ્યાલમાં રાખી આવા સમયે સમાજમાંથી પ્રવૃત્તિને યોગ્ય પ્રતિભા ધરાવતા વ્યક્તિત્વની પસંદગી થાય તેવું વલણ ધરાવે તો સંસ્થા અને સમાજને ઉપકારક બને.

સમગ્ર લેખમાં દાન અને દાતાને સ્પર્શીને જુદાં જુદા સવાલ અહીં ઉપસ્થિત કર્યા છે. આપણી નાની મોટી સંસ્થાઓ, ટ્રસ્ટો, ગામના મહાજનો, સંઘો બધાંને આમાંથી પોતાને ચિંતવતા પ્રશ્નો મળશે. એમને મૂંઝવતા પ્રશ્નોનો નિવેડો લાવવા દાતા પરિવારો સાથે બેસી, ચર્ચા કરી નિર્ણય કરશો તો સમજૂતીના યોગ્ય કરારો તેમને નિશ્ચિત રાહે જવા માર્ગદર્શન આપશે જેના ફળસ્વરૂપે દાતા કે સંસ્થાઓને ન્યાયાલયના માર્ગે જવું નહિ પડે.

બાળપણમાં કોઇક ધર્મના પુસ્તકમાં વાંચેલું કે વટેમાર્ગુઓને રસ્તામાં પીવાનું પાણી મળે અને તરસ છીપાય તે માટે કોઇ એક શ્રેષ્ઠિએ બંધાવેલી વાવનું મીઠું જળ દાયકાઓ પછી તેના એક વારસે કુવા કાંઠે બેસી વેચવાનું શરૂ કર્યું. આવો ઇતિહાસ આપણા સમાજે ક્યારેય આલેખવો ન પડે તે માટે **આજે મળતાં મબલખ દાનનો સ્વીકાર કરતાં પહેલાં આવનારા ભવિષ્યને નજરમાં રાખી તેની યોગ્ય રૂપરેખા આંકી રાખવી જોઇએ, જેથી સંસ્થા અને દાતા એ બન્નેનું ગૌરવ જળવાઇ રહે.**

આ પ્રમાણે સ્વીકૃત દાન ધીરે ધીરે સમાજની પ્રણાલિકા બની જાય ત્યારે અન્ય જ્ઞાતિ કે સમાજો માટે આપણો સમાજ પથદર્શક બની રહે. **તક્તીનું આયુષ્ય ભલે સ્થૂળ રહ્યું પણ દાતા ધારે તો તેની ઔદાર્યપૂર્ણ સમજ દ્વારા સંસ્થા અને સમાજના હિતમાં નવો અભિગમ અપનાવી તક્તીના આયુષ્યને ચિરંતન બનાવી શકશે.**

ધર્મ, તત્ત્વજ્ઞાન, ચિંતન, સાહિત્ય, સંશોધન, પ્રવાસ વગેરે વિષયક લગભગ સવાસો જેટલાં પુસ્તકોના સર્જક **ડૉ. રમણલાલ ચી. શાહે** ૧૯૯૨માં પોતાના લખેલા પુસ્તકોના કૉપીરાઇટનું વિસર્જન કરતાં લખ્યું હતું કે, 'મારા પ્રગટ થયેલાં સર્વ ગ્રંથો અને અન્ય લખાણોના અનુવાદ, સંક્ષેપ, સંપાદન કે પુનઃ પ્રકાશન ઇત્યાદિ માટે કોઇ પણ પ્રકારનો કૉપીરાઇટ હવેથી રહેશે નહિ.'

સર્જકની ઉદારતાના સંદર્ભમાં આજના યુગમાં આ અજોડ દૃષ્ટાંત છે. **આપણા દાતા સમજૂતીના કરારમાં આવી ઉદારતા દાખવશે ત્યારે સમાજમાં દાનની દિશા અવશ્ય બદલી જશે અને સાથે સંપત્તિને બદલે ગુણગ્રાહી દૃષ્ટિનો વિકાસ થશે.**

**('પગદંડી'માંથી સાભાર)**



# કોચીન શ્વે. મૂ. જૈન સંઘ દ્વારા કોચીન શહેરમાં સર્વ પ્રથમવાર શ્રી જયંતભાઇ 'રાહી'ના નવકાર મહાજાપ સાનંદ સંપન્ન

દક્ષિણ ભારતના કોચીન શહેરમાં આપણા જૈનો સારી એવી સંખ્યામાં વસ્યા છે. અહીં કોચીન શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા જૈન ધર્મની અનેવિધ પ્રવૃત્તિઓ ચાલુ છે. કોચીનના જૈનોની ઘણા વખતથી ભાવના હતી કે નવકારના પરમોપાસક **શ્રી જયંતભાઇ 'રાહી'**ના **નવકાર જાપ અનુષ્ઠાન**નું આયોજન અહીં અમારા કોચીન શહેરમાં થાય. અને આખરે તેઓની આ ભાવના ફળીભૂત થઇ. **રવિવાર, તા. ૩૧-૩-૨૦૧૩**ના દિવસે કોચીન શ્વે. મૂ. જૈન સંઘ દ્વારા **શ્રી જયંતભાઇ 'રાહી'**ના સર્વ પ્રથમવાર **નવકાર મહા જાપ** નક્કી થયા. અને આ સમાચારથી આ શહેરના જૈનોમાં આનંદ અને ઉત્સાહનું પ્રચંડ વાવાઝોડું ફરી વળ્યું.

**શ્રી જયંતભાઇ 'રાહી'** પોતાની મંડળી સાથે કોચીન શહેરમાં શનિવાર, તા. ૩૦મી માર્ચના રોજ પહોંચ્યા. અહીં સંઘ તરફથી તેમનું ભવ્યાતિભવ્ય સામૈયું-સ્વાગત કરવામાં આવ્યું. અહીંના અતિથિભવનથી સાંસ્કૃતિક હોલ સુધી **શ્રી 'રાહી' સાહેબ**ની ભવ્ય **સ્વાગત યાત્રા** કાઢવામાં આવી. આ સ્વાગત યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા. આ કાર્યક્રમમાં ઢોલ-શરણાઇવાળાએ ભારે રંગત જમાવી, તો યુવાનોએ હાથમાં દીવડા લઇને અને બહેનોએ મસ્તકે બેડા મૂકીને આ સ્વાગત યાત્રાની શાન વધારી. પછી અહીંના સાંસ્કૃતિક હોલમાં યોજાયેલ પ્રભુ ભક્તિની ભાવનામાં **શ્રી 'રાહી' સાહેબે** નવકારનો મહિમા સમજાવ્યો અને સૌને અતિ મોહિત કરનારું એક હૃદયસ્પર્શી કથાગીત પણ પ્રસ્તુત કર્યું. રવિવાર તા. ૩૧મી માર્ચના નવકાર મહા જાપ માટેના યંત્ર પૂજનના ચઢાવા બોલાયા. **સંઘના સાધારણ ખાતા માટે રૂા. ૧,૨૫૦૦૦/- તો જોત જોતામાં લોકોએ લખાવી દીધા. શ્રી 'રાહી' સાહેબ**ના શિષ્યો **ભરતભાઇ, જિગ્નેશભાઇ, જીતુભાઇ** વગેરેએ પ્રભુભક્તિની ભાવનામાં સારી જમાવટ કરી અને કોચીનના જૈનોને પ્રભુ ભક્તિમાં રસ તરબોળ કર્યા.

બીજે દિવસે **રવિવાર, તા. ૩૧-૩-૨૦૧૩ના** દિવસે સવારના ૯ કલાકે કોચીનના સાંસ્કૃતિક હોલમાં **શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર મહાજાપનો શાનદાર પ્રારંભ થયો. **શ્રી 'રાહી' સાહેબે** અહીં વિવિધ મુદ્રાઓમાં ભાવપૂર્વક નવકાર જાપ કરાવ્યા અને નવકાર જાપના પ્રત્યેક ચરણ પછી તેમણે અનેક ભાવવાહી ભક્તિગીતો પ્રસ્તુત કરી લોકોને નવકારમય બનાવી દીધા. ૭૫૦ થી અધિક લોકોથી અહીંનો સાંસ્કૃતિક હોલ ખીચોખીચ ભરાયો હતો. કેટલાયે લોકો હોલની બહાર ઓટલા પર અને જ્યાં જગ્યા મળી ત્યાં બેસીને ભાવપૂર્વક આ કાર્યક્રમને માણ્યો હતો. ચાર ચાર કલાક સુધી ચાલેલા આ નવકાર મહા જાપમાં એક પણ માણસે ઉઠવાનું નામ લીધું ન હતું. ત્રીજા મણકા પછી બીએમપીપીના ઉપપ્રમુખ અને આ કાર્યક્રમના સંયોજક **શ્રી સોમચંદભાઇ લોડાયા**એ તેમના વક્તવ્યમાં મુંબઇમાં બીએમપીપીની પ્રવૃત્તિઓ વિશે અને ખાસ કરીને **શ્રી 'રાહી' સાહેબ**ના નવકાર જાપ અને સાધર્મિક ભક્તિના સત્કાર્ય વિશેની વિસ્તૃત માહિતી આપી હતી. કોચીન શ્વે.મૂ. જૈન સંઘ તરફથી **મણિકાંતભાઇ ખોના, શ્રી નીતિનભાઇ ઝવેરી** અને **હરીશભાઇ મહેતા**એ અનુક્રમે સ્વાગત, પ્રવચન, પ્રાસંગિક વક્તવ્ય અને આભારવિધિ કરી હતી. **શ્રી 'રાહી' સાહેબ**નું તિલક કરીને સન્માન સંઘના ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓએ કર્યું હતું. **શ્રી 'રાહી' સાહેબે** પણ સાધર્મિક ભક્તિ વિશેષાંક, દાદાના દરબારે ઓડીયો સીડી અને શ્રી ગજલક્ષ્મીજીની લેમિનેટેડ તસ્વીરો અર્પણ કરી સંઘના આ બધા જ મહાનુભાવોનું અભિવાદન કર્યું હતું.

**આ પ્રસંગે શ્રી જયંતભાઇ 'રાહી'ના સાધર્મિક ઉત્કર્ષ અભિયાન યોજનામાં કોચીન સંઘ તરફથી રૂા. ૩૧૦૦૦/- શ્રી મણિકાંત વસનજી ખોના તરફથી રૂા. ૧૧૦૦૦/- અને બીજા અનેક ભાવિકો તરફથી નાની મોટી રકમ મળીને કુલ રૂા. ૯૧૦૦૦/- શ્રી 'રાહી' સાહેબના કરકમલમાં સમર્પિત કરવામાં આવ્યા હતા.** ચોથા મણકાની પૂર્ણાહુતિ અને આરતી-મંગળ દીવાની સમાપ્તિ પછી **માતુશ્રી લીલબાઇ વસનજી મૂલજી ખોના હ. શ્રી મણિકાંત વસનજી ખોના** તરફથી આ પ્રસંગે સંઘ સ્વામીવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું તેનો સકલ શ્રી સંઘે લાભ લીધો હતો.

કોચીનના સેવાપરાયણ ભાઇ **શ્રી પ્રફુલ્લભાઇ શાહ** છેલ્લા વીસ વર્ષથી અહીં કબૂતરોને ચણ નાખવાનું પુણ્યકાર્ય કરી રહ્યા છે. આ નવકાર જાપના ત્રીજા મણકા પછી સન્માન કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ૧૫ મિનિટના વિરામ કાર્યક્રમમાં પ્રફુલ્લભાઇના આ અદ્ભૂત સત્કાર્યનું સંઘના કાર્યકરોએ **શ્રી 'રાહી' સાહેબ** અને તેમના સાથી મિત્રોને દર્શન કરાવવાનો લાભ લીધો. પ્રફુલ્લભાઇ શાહ અહીં કોચીનમાં દરરોજ બપોરના ૧૨-૧૫ કલાકે **'હાલો'**ની હાંક મારે એટલે કબૂતરો ભગવાનની ચાર પ્રદક્ષિણા શરૂ કરે અને આ પ્રદક્ષિણા પૂર્ણ કર્યા પછી આ કબૂતરો પ્રફુલ્લભાઇના સ્વમુખે માંગલિક સાંભળ્યા પછી જ ચણ વાપરે! **પ્રફુલ્લભાઇ અને કબૂતરોનું આ વિરલ દશ્ય શ્રી 'રાહી' સાહેબે અને અમે બધાએ નજરે નિહાળીને ખરેખર કૃત્યકૃત્ય થઇ ગયા. શ્રી 'રાહી' સાહેબ**ના આ નવકાર જાપ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંઘના પ્રમુખ **પ્રવીણભાઇ શાહ**, ઉપપ્રમુખ **હરીશભાઇ મહેતા**, માનદ્ મંત્રી **દિલીપભાઇ ખોના**, ખજાનચી **નીતિનભાઇ ઝવેરી**, જો. સેક્રેટરી **મુકેશભાઇ શાહ** સહ અન્ય કારોબારી સભ્યોએ તેમજ પંચ પરમેષ્ઠી મહિલા મંડળ-કોચીનના પ્રમુખ **ભારતીબેન રાયચંદ મૈશેરી** અને અન્ય બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આમ કોચીન શહેરમાં સર્વ પ્રથમવાર **શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર મહા જાપ ખૂબ જ આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થયા. કોચીનના જૈનોનું લાગણીભર્યું આતિથ્ય અમે સૌએ માણ્યું અને તેમના પ્રેમ, લાગણી અને સદ્ભાવથી અમે સૌ અત્યંત પ્રભાવિત થયા. **શ્રી 'રાહી' સાહેબ**ને કોચીનના જૈનોએ આવા અદ્ભૂત, અલૌકિક સંગીતમય નવકાર જાપ કરાવવા બદલ શત શત ધન્યવાદ આપ્યા અને પ્રતિવર્ષ નવકાર જાપ કરાવવા પધારવા આગ્રહભરી વિનંતી કરી. આમ કોચીનના આ નવકાર જાપ સૌના જીવનનું એક યાદગાર અને અવિસ્મરણીય સંભારણું બની રહ્યાં.

**- સોમચંદ વેલજી લોડાયા (આરિખાણા-મુલુન્ડ)**

# કોચીન શ્વે. મૂ. જૈન સંઘમાં શ્રી જયંતભાઈ 'રાહી'ના સર્વ પ્રથમવાર યોજાયેલ નવકાર મહાજાપની તસ્વીરી ઝલક















**(૧) શ્રી 'રાહી' સાહેબના આશીર્વાદ લઈ રહેલ કોચીન સંઘના અગ્રણી અને સંઘ સ્વામીવાત્સલ્યના દાતા શ્રી મણિકાંત વસનજી ખોના (૨) નવકાર જાપ પછી પરમાત્માની આરતી ઉતારી રહેલ દાતા પરિવારના સભ્યો. (૩) અને (૪) શ્રી 'રાહી' સાહેબના નવકાર જાપમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલા કોચીન સંઘના સભ્યો.**

## અગાશી તીર્થમાં યોજાતા નવકાર જાપ અનુષ્ઠાનમાં લાભ લેવાનો અમૂલ્ય અવસર



છેલ્લા એક વર્ષથી વિરાર પાસેના **અગાશી તીર્થ**માં શ્રી અગાશી અચલગચ્છ જૈન સંઘ દ્વારા અત્રેના જયેશ ભુવનમાં નવકારના પરમોપાસક **શ્રી જયંતભાઈ 'રાહી'**ના શિષ્ય **શ્રી હર્ષભાઈ દેઢિયા**ના દર મહિનાના એક શનિવારે સવારના ૮.૩૦ થી ૧૧ ના સમયે નવકાર જાપ અનુષ્ઠાનનું સુંદર આયોજન કરવામાં આવે છે. આ પ્રાચીન તીર્થભૂમિમાં શ્રી મુનિસુવ્રતસ્વામીની શીતલ છત્રછાયામાં દર મહિનાના એક શનિવારે યોજાતા આ નવકાર જાપ અનુષ્ઠાનના અને સાથે સાધર્મિક ભક્તિના સૌજન્યદાતા તરીકે જેમણે લાભ લેવો હોય તેઓ રૂા. ૩૧૦૦૦/- નો નકરો ભરી આ મહાન લાભ લઈ શકે છે. બે ભાગ્યશાલી દાતાઓ ભેગા મળીને પણ આ જાપનો સંયુક્ત લાભ લઈ શકે છે. આ જાપની વિશેષ માહિતી માટે **(૧) શ્રી રાજેશ મૈશેરી** મો. ૯૮૨૦૧૯૫૩૦૧ **(૨) શ્રી મયૂર દેઢિયા** મો. ૯૮૯૨૦૯૨૭૬૦ અને **(૩) શ્રી ગોવિંદજીભાઈ ગડા** મો.૯૩૨૪૫૦૯૨૦૯નો સંપર્ક સાધી શકાશે.

શુભેચ્છક

**શ્રી નમિનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ**

વિજયવલ્લભ ચોક, પાયધુની, મુંબઈ-૪૦૦ ૦૦૩. ફોન : ૨૩૪૩ ૨૭૫૫

# સાધર્મિક ભક્તિના પુણ્યકાર્યમાં અપ્રતિમ સહયોગ આપવા બદલ શ્રી વિક્રોલી પાર્કસાઇટ જૈન સંઘને શતશત ધન્યવાદ !

મુંબઇના ઉપનગર વિક્રોલી પાર્કસાઇટમાં **શ્રી વિક્રોલી પાર્કસાઇટ જૈન સંઘ** ખૂબ જ સુંદર ધાર્મિક પ્રવૃત્તિઓ કરી રહ્યો છે. આ સંઘમાં **શ્રી પંચ પરમેષ્ઠી મહિલા મંડળ** (વિક્રોલી પાર્કસાઇટ) દ્વારા **તા. ૭-૧૦-૨૦૧૨** ના નવકારના પરમોપાસક **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના **નવકાર જાપ અનુષ્ઠાન** યોજવામાં આવ્યા હતા. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની **સાધર્મિક ઉત્કર્ષ અભિયાન**ની વાત સાંભળીને **અહીંના સંઘે આ મહાપુણ્યના કાર્યમાં દર મહિને રૂા. ૧૧,૧૧૧/- નું અનુદાન આપવાની ઘોષણા કરી હતી.** જૈન શાસ્ત્રોમાં સાધર્મિક ભક્તિનો અપૂર્વ મહિમા ગવાયો છે તેને અનુલક્ષીને આ નાનકડા સંઘે દર મહિને અગિયાર હજાર જેવી મોટી રકમ આ સત્કાર્યમાં આપવાની ઘોષણા કરી તે ખરેખર સરાહનીય છે. સાધર્મિક ભક્તિના આ કાર્યમાં આવો ઉત્કૃષ્ટ સહયોગ આ સંઘ દ્વારા **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ને આપવામાં આવ્યો તે ખરેખર તારીફેકાબીલ છે. આ સંઘના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અને સભ્યો ધર્મને વરેલા છે. તેમની ધર્મ પરાયણતા, સેવા નિષ્ઠા અને ઉદારચરિત વૃત્તિની જેટલી પ્રશંસા થાય તેટલી ઓછી છે. સાધર્મિક ભક્તિના કાર્ય માટે આ સંઘે ઉદારતાપૂર્વક જે ઉમદા આર્થિક સહયોગ આપ્યો છે તે કદાપિ ભૂલી શકાય તેમ નથી. અને સંઘના સર્વ ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અને સભ્યોને તેમની સાધર્મિક ભક્તિ તરફની આવી ઉદાહરણીય ભાવનાની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ. પરમ કૃપાળુ પરમાત્મા આ સંઘના સર્વ અગ્રણીઓને આવા સુંદર સત્કાર્યો કરવાની વધુને વધુ તક આપે એવી શુભકામના આ તકે દર્શાવીએ છીએ.

**- માનદ્ મંત્રીઓ, બૃહદ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર**

## પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'ના સાધર્મિક ભક્તિના કાર્યને વેગ આપનારા શ્રી વિક્રોલી પાર્ક સાઇટ જૈન સંઘના ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓ


શ્રી હેમચંદ વેલજી ફૂરિયા
(મોટા લાયજા) ટ્રસ્ટી


શ્રી દિનેશ ભવાનજી દેઢિયા
(બિદડા) ટ્રસ્ટી


શ્રી શામજી કેશવજી ગાલા
(કાંડાગરા) ટ્રસ્ટી


શ્રી મુકેશ વેલજી ફૂરિયા
(મોટા લાયજા) પ્રમુખ


શ્રી રાજેશ શામજી ગાલા
(કાંડાગરા) ઉપપ્રમુખ


શ્રી મહેશચંદ ઝવેરચંદ ગડા
(નાના રતાડીયા) માનદ્ મંત્રી


શ્રી હરિલાલ બચુભાઇ ગાલા
(ભચાઉ) માનદ્ મંત્રી


શ્રી મૂલચંદ કેશવજી ગાલા
(કાંડાગરા) ખજાનચી

મુદ્રક અને પ્રકાશક : બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર, ૩૦૧, શ્વેશ હાઉસ, ત્રીજે માળે, ૭૫, સેકન્ડ લેન, હિન્દુ કોલોની,
ભગિની સમાજ સામે, દાદર (પૂર્વ), મુંબઇ-૪૦૦ ૦૧૪. ફોન : (૦૨૨) ૬૫૨૫૭૮૩૯/૩૨૧૬૪૨૪૩
મુદ્રણસ્થાન : રાજુલ આર્ટસ્, ઘાટકોપર (ઇ), મુંબઇ-૪૦૦૦૭૭. ફોનઃ ૨૫૦૧૦૦૫૬, ૯૭૬૯૭૯૧૯૯૦. E-mail: rajul.arts@yahoo.com